પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૮૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૫-૧૧-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સેન્સેક્સે ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો, પ્રથમવાર ૬૨૦૦૦ની ઉપર બંધ, બેંક નિફ્ટીનો ઈતિહાસ

મુંબઈ,

બેંકિંગ, આઈટી અને એફએમસીજી સ્ટોક્સમાં શાનદાર ખરીદીની મદદથી બીએસઈ સેન્સેક્સ ઐતિહાસિક રેકોર્ડ હાઈ પર પહોંચી ગયો છે. ભારતીય શેર બજારના ઈતિહાસમાં પ્રથમવાર સેન્સેક્સ ૬૨૦૦૦ના આંકડાને પાર કરી ગયો છે. તો આજના સત્રમાં બેંકિંગ સ્ટોક્સમાં શાનદાર તેજીને કારણે બેંક નિફ્ટી પણ ઐતિહાસિક રેકોર્ડ હાઈ પર જઈને બંધ થઈ છે. ગુરૂવારનો કારોબાર ખતમ થવા પર મુંબઈ સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૭૬૨ પોઈન્ટની તેજીની સાથે ૬૨૨૭૨ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૬ પોઈન્ટના વધારા સાથે ૧૮૪૮૪ પર બંધ થયો છે.

શેર બજારમાં બેંકિંગ, આઈટી, એફએમસીજી, એનર્જી, મેટલ્સ, ઈન્ફ્રા જેવા દરેક સેક્ટરના શેરમાં શાનદાર તેજી જોવા મળી હતી. પરંતુ બેંક નિફ્ટી રેકોર્ડ હાઈ પર પહોંચી છે. બેંક નિફ્ટી પ્રથમવાર ૪૩૦૦૦ની પાર પહોંચીને ૪૩૦૭૫ પર બંધ થઈ છે. તો આઈટી શેરમાં શાનદાર તેજીને કારણે નિફ્ટી આઈટી ૭૭૩ પોઈન્ટના ઉછાળાની સાથે ૩૦,૧૭૮ પોઈન્ટ પર બંધ થઈ છે.

માત્ર કંઝ્યૂમર ડ્યૂરેબલ્સ સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. નિફ્ટીના ૫૦ શેરમાંથી ૪૩ શેર તેજી સાથે બંધ થયા છે, જ્યારે માત્ર ૭ શેરમાં ઘટાડો જોવા



મળ્યો છે. જ્યારે સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૨૬ શેર તેજીની સાથે જ્યારે ચાર શેર લાલ નિશાન પર બંધ થયા છે.

બજાર જ્યારે રેકોર્ડ હાઈ પર બંધ થયું તો તેવામાં જે શેરમાં તેજી જોવા મળી તેના પર નજર કરીએ તો ઈન્ફોસિસ ૨.૯૩%, એચસીએલ ટેક ૨.૫૯%, પાવર ગ્રીડ ૨.૫૬%, વિપ્રો ૨.૪૩%, ટેક મહિન્દ્રા ૨.૩૯%, ટીસીએસ ૨.૦૫%, એચડીએફસી ૧.૯૯%, એચયુએલ ૧.૬૯%, એચડીએફસી બેંક ૧.૬૮%, સન ફાર્મા ૧.૫૮% ની તેજી સાથે બંધ થયા છે. સેન્સેક્સના ૩૦ શેરમાંથી માત્ર જે ચાર શેરમાં ઘટાડો થયો તેમાં ટાટા સ્ટીલ ૦.૧૪ ટકા, બજાજ ફિનસર્વ ૦.૧૧ ટકા, બજાજ ફાયનાન્સ ૦.૧૦ ટકા, કોટક મહિન્દ્રા ૦.૦૯ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

ભારતીય વાયદા બજારમાં સોના અને ચાંદીમાં તેજી ચાલુ છે. ગુરુવાર, ૨૪ નવેમ્બરે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર આજે સોનાનો ભાવ ૦.૪૦ ટકાની ઝડપે ટ્રેડ થયો છે. તે જ સમયે, વાયદા બજારમાં, આજે ચાંદીનો દર પણ ૧.૦૫ ટકાના વધારા સાથે કારોબાર કરી રહ્યો હતો. ગઈ કાલે સોના-ચાંદીના ભાવ વાયદા બજારમાં વધારા સાથે બંધ થયા હતા. ગુરુવારે, વાયદા બજારમાં ૨૪ કેરેટ શુદ્ધતાના સોનાનો ભાવ સવારે ૯:૧૦ વાગ્યા સુધી ૨૧૦ રૂપિયાના વધારા સાથે ૫૨,૬૬૧ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સોનાનો ભાવ આજે ૫૨,૫૦૦ રૂપિયા પર ખુલ્યો હતો. ખુલ્યાના થોડા સમય પછી, એકવાર કિંમત ૫૨,૬૮૮ રૂપિયા થઈ ગઈ. બાદમાં કિંમતમાં થોડો ઘટાડો થયો અને તે ૫૨,૬૬૧ રૂપિયા થઈ ગયો. ગઈકાલે એમસીએક્સ પર સોનાનો ભાવ ૦.૩૫ ટકાના વધારા સાથે રૂ.૫૨,૪૭૦ પર બંધ થયો હતો.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જમાં આજે ચાંદીમાં મોટો ઉછાળો આવ્યો છે. આજે ચાંદી રૂ.૬૪૯ વધીને રૂ.૬૨,૨૭૯ પર કારોબાર કરી રહી છે. ચાંદીનો ભાવ ૬૨,૦૯૯ રૂપિયા પર ખુલ્યો હતો. એકવાર કિંમત ૬૨,૪૬૦ રૂપિયા થઈ ગઈ. પરંતુ બાદમાં તે થોડી ઘટીને રૂ. ૬૨,૨૭૯ થઈ હતી. ચાંદીના ભાવ ગઈ કાલે વાયદા બજારમાં ૧.૩૭ ટકાના વધારા સાથે રૂ. ૬૧,૬૪૦ પર બંધ થયા હતા.

આજે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીના ભાવ અલગ-અલગ રીતે આગળ વધી રહ્યા છે. સોનાનો હાજર ભાવ આજે ૦.૧૮ ટકા ઘટીને ઈ૧,૭૩૮.૧૪ પ્રતિ ઔંસ થયો હતો. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની કિંમત આજે ઉંચી છે. આજે ચાંદી ૦.૭૮ ટકા વધીને ૨૧.૨૫ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહી છે.

બુધવારે નવી દિલ્હીના બુલિયન માર્કેટમાં સોનાના ભાવમાં સામાન્ય ઘટાડા સાથે બંધ થયો હતો. તે જ સમયે, ચાંદીના ભાવ પણ મજબૂત બંધ આપ્યો. દિલ્હીમાં સોનાની હાજર કિંમત ૪૦ રૂપિયા ઘટીને ૫૨, ૭૯૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. પાછલા ટ્રેડિંગ દિવસે તે રૂ. ૫૨,૮૩૭ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો. ચાંદીનો ભાવ પણ રૂ. ૧૧૦ વધી રૂ. ૬૨,૦૫૬ પ્રતિ કિલો બંધ રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં બુધવારે સોનું ઘટીને ઈ૧,૭૪૫ પ્રતિ ઔંસ થયું હતું, જ્યારે ચાંદી પ્રતિ ઔંસ ૨૧.૨૭ પર સ્થિર રહી હતી.

## આરોપી નિર્દોષ છોડાયાના ચુકાદા સામે લીવ ટુ અપીલ નહી કરવી પડે : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,

કોઈપણ કેસમાં આરોપીને નિર્દોષ છોટી મૂકતા હુકમ સામે રાજય સરકાર કે તપાસનીશ એજન્સી દ્વારા જયારે તે હુકમને પડકારતી ક્રિમીનલ અપીલ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થાય ત્યારે તેની સાથે અલગથી લીવ ટુ અપીલ પણ ફાઈલ કરવાની રહેતી હતી પરંતુ ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદા મારફતે વર્ષો જૂની આ પ્રથા રદ કરી છે. જસ્ટિસ સમીર જે.દવેએ પોતાના ચુકાદામાં પણ સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, એકવીટલ અપીલમાં લીવ ટુ અપીલ અલગથી ફાઈલ કરવાની કોઈ જરૂર નથી.

ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાના કારણે હવે કોઈપણ કેસમાં નીચલી કોર્ટમાં આરોપી નિર્દોષ છૂટયા હોય તે હુકમને



ગુજરાત હાઈકોર્ટમાં પડકારવા ફાઈલ કરવી પડતી ક્રિમીનલ અપીલની સાથે સાથે હવે લીવ ટુ અપીલ અલગથી ફાઈલ નહી કરવી પડે. મેઈન ક્રિમીનલ અપીલમાં જ હવે કેસનું હીયરીંગ શકય બનશે. જસ્ટિસ સમીર દવેએ પોતાના ચુકાદામાં ઠરાવ્યું હતું કે, સરકારની લીવ ટુ અપીલ એ વાસ્તવમાં સીઆરપીસીની કલમ-૩૭૮(૧) સાથે પેટા કલમ(૩) વાંચતા તે હેઠળ દાખલ કરાયેલી મેમોરેન્ડમ ઓફ અપીલની સમકક્ષ જ છે. મેઈન ક્રિમીનલ અપીલમાં જ કેસનો હેતુ અને હાર્દ સમાવિષ્ટ કે પરિપૂર્ણ થઈ જાય છે ત્યારે અલગથી લીવ ટુ અપીલ ફાઈલ કરવાની કોઈ જરૂરિયાત રહેતી નથી. હાઈકોર્ટે સુપ્રીમકોર્ટના સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ રામદીન તથા અન્યો સહિતના અન્ય કેસોમાં અપાયેલા ચુકાદાઓને ટાંકી તેનો આધાર લઈ લીવ ટુ અપીલ અંગે ઉપસ્થિત થયેલા કાયદાકીય મુદ્દો નિર્ણિત કર્યો હતો.

નેશનલ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના પૂર્વ આરોપી એમડી રામ અવતાર અગ્રવાલને કરોડો રૂપિયાની લોન ધિરાણ કરવાના ગેરરીતિના કેસની અમદાવાદની સીબીઆઈ કોર્ટે નિર્દોષ છોડયા હતા. તે ચુકાદાથી નારાજ થઈ સીબીઆઈએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હીત, તે કેસની સુનાવણી દરમ્યાન લીવ ટુ અપીલનો કાયદાકીય મુદ્દો ઉપસ્થિત થયો હતો., જે નિર્ણિત કરી હાઈકોર્ટે આ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો અને સીબીઆઈની અરજી મંજૂર કરી હતી.

## કેન્દ્ર સરકાર મોંઘવારી ભથ્થામાં વધારો કરી તેવી સંભાવના

નવીદિલ્હી,

કેન્દ્રીય કર્મચારીઓનો પગાર આવતા વર્ષે પણ વધી શકે છે. સરકાર કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં આવતા વર્ષની શરૂઆતમાં જ વધારો કરી શકે છે. સરકાર દર વર્ષે બે વાર મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે. કેન્દ્રીય કર્મચારીઓને જુલાઈ ૨૦૨૨થી ૩૮ ટકા મોંઘવારી ભથ્થું મળી રહ્યું છે. ઙ્છમાં વધારો ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર આધારિત છે. સરકાર કર્મચારીઓને ડીએ આપે છે, જ્યારે પેન્શનરોને મોંઘવારી રાહત આપવામાં આવે છે. સમગ્ર દુનિયામાં મોંઘવારીથી હાહાકાર, પેરિસમાં હજારો લોકો સરકાર વિરુદ્ધ રસ્તા પર ઉતર્યા

હવે મોંઘવારી ભથ્થામાં આગામી સુધારો જાન્યુઆરી ૨૦૨૩માં થશે. જુલાઈથી સપ્ટેમ્બર સુધીના ફુગાવાના આંકડા કરવામાં આવ્યા છે અને નવેમ્બરના અંતમાં ઓક્ટોબરનો ફુગાવાનો દર પણ જાણી શકાશે. નિષ્ણાતોનું કહેવું છે કે, સરકાર આવતા વર્ષે કર્મચારીઓના DAમાં ૪ ટકાનો વધારો કરી શકે છે. આ રીતે મોંઘવારી ભથ્થું વધીને ૪૨ ટકા થઈ શકે છે. ગયા મહિને રિટેલ અને જથ્થાબંધ મોંઘવારી દરમાં ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ, વૈશ્વિક ફુગાવો હજુ પણ ઘણો ઊંચો છે. તેની અસર હજુ પણ રહી શકે છે.

વર્ષ ૨૦૨૨માં સરકારે સરકારી કર્મચારીઓના ઙ્છમાં બે વખત ૭ ટકાનો વધારો કર્યો છે. જાન્યુઆરીમાં મોંઘવારી ભથ્થું ૩૧ ટકાથી વધારીને ૩૪ ટકા કરવામાં આવ્યું હતું. આ રીતે સરકારે DAમાં ૩ ટકાનો વધારો કર્યો છે. જુલાઈમાં સરકારે ડીએમાં ૪ ટકાનો વધારો કર્યો હતો અને તેને ૩૪ ટકાથી વધારીને ૩૮ ટકા કર્યો હતો. સરકારના આ પગલાથી ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૨ લાખ પેન્શનધારકોને ફાયદો થયો છે.

કર્મચારીઓ માટે દર ૭ મહિને મોંઘવારી ભથ્થામાં સુધારો કરવામાં આવે છે. પરંતુ, ૭માં પગાર પંચ હેઠળ તેમાં એક શરત ઉમેરવામાં આવી છે. એટલે કે, જ્યારે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૫૦ ટકાને વટાવી જશે, ત્યારે તેને કર્મચારીના મૂળ પગાર સાથે મર્જ કરવામાં આવશે. જ્યારે તે ૫૦ ટકા છે, ત્યારે કર્મચારીઓને મોંઘવારી ભથ્થા તરીકે જે પૈસા મળશે તે મૂળ પગારમાં ઉમેરવામાં આવશે અને માત્ર પૈસા સુધારેલા પગાર ભથ્થા તરીકે આપવામાં આવશે.

## ગાંધીનગરે ઠંડીમાં નલિયાને પણ મારી ટક્કર, ૩૦ નવેમ્બર સુધી ગુલાબી ઠંડી રહેશે

અમદાવાદ,

રાજ્યમાં હાલ ઠંડીનું જોર ધીરે ધીરે વધી રહ્યું છે. હવામાન નિષ્ણાતે રાજ્યમાં ઠંડી અંગે જણાવ્યું હતુ કે, ૩૦ નવેમ્બર સુધી ગુલાબી ઠંડી રહેશે પરંતુ ડિસેમ્બરનાં પહેલા સપ્તાહમાં કાતિલ ઠંડી પડશે. આપને જણાવીએ કે, ગાંધીનગરમાં બુધવારે ૧૨.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતુ. અમદાવાદમાં ૧૫ ડિગ્રી જયારે નલિયામાં ૧૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં બુધવારે સૌથી વધુ ઠંડી ગાંધીનગરમાં હતી.

હવામાનનાં આંકડાની વાત કરીએ તો, ગાંધીનગર ૧૨.૭ ડિગ્રી સાથે ગુજરાતમાં સૌથી ઠંડુગાર હતુ. અમદાવાદમાં ૧૫.૧ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. શહેરમાં આગામી ૩ દિવસ ૧૪ ડિગ્રીની આસપાસ લઘુતમ તાપમાનનો પારો રહેવાની શક્યતા છે. અમદાવાદમાં પણ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી જ ઠંડીનું જોર વધવાની શક્યતા છે. સરેરાશ લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીથી નીચે જાય તેવી સંભાવના છે.

આ સાથે વડોદરામાં ૧૩.૬, અમરેલી-જુનાગઢમાં ૧૪, ડીસામાં ૧૫.૧, રાજકોટમાં ૧૫.૮, ભાવનગરમાં ૧૬.૬, પોરબંદર-સુરતમાં ૧૭, ભૂજમાં ૧૭.૪, કંડલામાં ૧૭.૬ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ જણાવ્યું છે કે, નવેમ્બર મહિનામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શરૂઆત થતી હોય છે. તે શરૂઆત થઈ ગઈ છે. ૩૦ નવેમ્બર સુધી ઠંડી જળવાઈ રહેશે. અત્યારે ગુલાબી ઠંડીની શરૂઆત થઈ છે જે વહેલી સવાર અને સાંજે અનુભવાય છે. જોકે તેમણે જણાવ્યા પ્રમાણે, ડિસેમ્બરના પહેલા સપ્તાહમાં કાતિલ ઠંડીનો અહેસાસ થશે. ડિસેમ્બરથી લઈ ૧૦ જાન્યુઆરી સુધી કડકડતી ઠંડી પડશે.

શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ રાજ્યમાં ચૂંટણીને કારણે માહોલ ગરમ છે. ગુજરાતમાં બે તબક્કામાં મતદાન થવાનું છે. ૧ અને ૫ ડિસેમ્બરના રોજ રાજ્યમાં મતદાન થવાનું છે. ત્યારે હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીનું અનુમાન છે કે, ડિસેમ્બર મહિનાથી કડકડતી ઠંડીની શરૂઆત થઈ જશે. ૧ અને ૫ ડિસેમ્બરના રોજ પણ કડકડતી ઠંડી રહેશે.

આ સાથે વડોદરામાં ૧૩.૬, અમરેલી-જુનાગઢમાં ૧૪, ડીસામાં ૧૫.૧, રાજકોટમાં ૧૫.૮, ભાવનગરમાં ૧૬.૬, પોરબંદર-સુરતમાં ૧૭, ભૂજમાં ૧૭.૪, કંડલામાં ૧૭.૬ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત ૨૭ મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારીઓ શરૂ

મુંબઈ,

મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત ૨૭ પેન્ડિંગ મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજ્ય સરકારે મહાનગરપાલિકાઓના પુનઃસીમાંકનનો આદેશ આપતો પરિપત્ર બહાર પાડયો છે. તેના પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે મહાવિકાસ અઘાડી સરકારના કાર્યકાળ દરમિયાન સીમાંકન કરાયેલા વોર્ડનું સીમાંકન રદ કરીને વર્ષ ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીની જેમ પુનઃસ્થાપિત કરવામાં આવશે.આથી એકાદ બે મહિનામાં ગમે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાનીચૂંટણીની જાહેરાત થઈ શકે છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા નગર વિકાસ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે,૦૮ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ મહારાષ્ટ્ર એક્ટમાં કરાયેલા સુધારા મુજબ જે મ્યુનિસિપલ કોર્પોરેશનોનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે. અથવા જેમની મુદત પૂરી થવા જઈ રહી છે.તેમની ચૂંટણી માટે ઉપલબ્ધ વસ્તી ગણતરી મુજબ વોર્ડની સંખ્યા, સીમાંકન નક્કી કરો અને વિભાગોનું ફોર્મેટ તૈયાર કરવા કાર્યવાહી કરો. સરકારના આ આદેશ બાદ હવે મહાનગરપાલિકાની જાહેર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી રહી છે. એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે મુંબઈમાં માત્ર ૨૨૭ વોર્ડ પર જ ચૂંટણી યોજાશે. કારણ કે રાજ્ય સરકારે મુંબઈમાં ૨૩૬ વોર્ડ બનાવવાના મહાવિકાસ આઘાડી સરકારના નિર્ણયને પલટી નાખ્યો હતો. આના પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે એકાદ બે મહિનામાં ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત થઈ શકે છે.

## વિશ્વનું વિશાળકાય વિમાન એરબસ બેલુગા પ્રથમ વાર મુંબઈ એરપોર્ટ પર ઉતર્યુ

મુંબઈ,

વિશ્વમાં સૌથી વિશાળકાય વિમાન એરબસ બેલુગાએ પ્રથમવાર મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરાણ કર્યુ હતું. હસતી વ્હેલના આકારવાળુ આ વિમાન જોવા માટે એરપોર્ટ પર મોટી સંખ્યામાં લોકો જમા થયા હતા.

વ્હેલ આકારનું આ વિમાન દુનિયાના સૌથી વિશાળ વિમાનો માનું એક છે. આ કાર્ગો વિમાનનો ઉપયોગ લકઝરી સામાનોની હેરફેર માટે થાય છે. વિમાનના વિશિષ્ટ આકાર અને રંગના કારને લોકો અચરજથી જોયા કરે છે અને ફોટા પાડવા લાગે છે. આ કાર્ગો પ્લેન એક વારમાં ૪૭૦૦૦ કિલો વજન ઉઠાવવાની ક્ષમતા ધરાવે છે. એરબસ બેલુગા ૫૬ મીટર લાંબુ અને ૪૫ મીટર પહોળું છે. એર બસ બેલુગાનું નિર્માણ ફ્રાંસની એક કંપનીએ કર્યુ છે. એરબેસ બેલુગાને એ૩૦૦-૬૦૮ એસ ટી ના નામથી પણ ઓળખવામાં આવે છે. એરબસની વેબસાઈટમાં જણાવ્યા અનુસાર જુદા જુદા આકારની અને વજન ધરાવતી વસ્તુઓના પરિવહન માટે વ્હેલ આકારના સુપર ટ્રાન્સપોર્ટરને ૧૯૯૫માં પ્રથમ વાર લોંચ કરવામાં આવ્યું હતું. શરુઆતમાં કંપનીની પોતાની ઔધોગિક એરલિફટની જરુરીયાતો માટે વિમાન કામ કરતું હતું. હાલમાં બેલુગા એકસએલની સુધારેલી છઠ્ઠી પેઢી કાર્યરત છે. આ વિમાન નેવી અને સ્પેસ સહિત વિવિધ સ્થળોએ વિશાળ કાર્ગો પરિવહનનો વિકલ્પ આપે છે. ગત રવીવારે ઈંધણ ભરાવવા અને ચાલક સભ્યોના આરામ માટે અમદાવાદથી કોલકતાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતર્યુ હતુ જયારે મુંબઈમાં પ્રથમ વાર જ ૨૩ નવેમ્બરે પ્રથમ વાર જ એરબસ બેલુગાનું આગમન થયું હતું. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર દુનિયામાં સામાન (લેગેજ)ની હેરફેર માટે અત્યંત દુલર્ભ માનવામાં આવે છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પરમાર રાજેશકુમાર બાબુભાઈ
તરફથી અભીનંદન....
મુ. પીપલોદ, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
હુનેદભાઈ યાકુબભાઈ દલાલ
તરફથી અભીનંદન....
મુ. પંચેલા, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કે. એસ. પરમાર
તરફથી અભીનંદન....
મુ. હેલોલ, તા. કાલોલ, જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ઘેલબઈમાં બચત જુથ મંડળી
તરફથી અભીનંદન....
મુ. પલાસા, તા. કાલોલ, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લા ત્રણ તાલુકામાં સિંચાઇ પાણી આપતી ભાદર કેનાલમાં ગાબડું પડતા રવિ સીઝનમાં પાક કરતાં ખેડુતો ચિંતીત : રવિ સીઝનનો પાક ન લેવાય તેવી ચિંતા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહિસાગર જીલ્લાના ભાદર કેનાલોમાં ગાબડા પડવાની ઘટનાઓને લઈ ખેડુતોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ૨૧ નવેમ્બરના રોજ ભાદર કેનાલનું પાણી છોડવામાં આવ્યું હતું. મેણા ગામ પાસે કેનાલમાં ગાબડું પડતા ગાબડું પુરાયા બાદ પાણી છોડવાની જાહેરાત થતાં ખેડુતોની રવિ સીઝન ઉપર અસર થશે.

મહિસાગર જીલ્લામાં ભાદર કેનાલ માંથી ખાનપુર, લુણાવાડા અને વિરપુર તાલુકામાં કેનાલ પસાર થતી હોય જેને લઈ ખેડુતો માટે આર્શીવાદ રૂપ સાબિત થઈ હતી. ચાલુ રવિ સીઝન માટે ૨૧ નવેમ્બરના રોજ ભાદર ડેમ માંથી ભાદર મુખ્ય કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું હતું. કેનાલમાં પાણી છોડતા મેણા ગામ પાસે કેનાલમાં ૭૦ ફુટનું ગાબડું પડતા પાણી કોતર મારફતે ભાદર નદીમાં વહી ગયું હતું. રવિ પાકની સીઝનનો સમય હોય ત્યારે આંમ પણ પાણી લેટ છોડવામાં આવ્યું હતું. તેમાં પણ મુખ્ય કેનાલમાં ગાબડું પડતા ૩૦ નવેમ્બર સુધી કેનાલનું ગાબડું પુરીને સિંચાઈનું પાણી પુરુ પાડવાની જાહેરાત ભાદર સિંચાઈ અધિકારી દ્વારા કરવામાં આવી છે. જેને લઈ ભાદર કેનાલ સિંચાઈ આધારીત રવિ સીઝનનું વાવેતર કરતાં ખેડુતોમાં પાક લઈ શકાય નહિ તેવી ચિંતા ઉભી થઈ છે. ત્યારે વહેલી તકે કેનાલનું ગાબડું પુરીને પાણી છોડવામાં આવે તેવી ખેડુતોએ લાગણી વ્યકત કરી છે.

# મોરબી દુર્ઘટનામાં વળતર ૧૦ લાખ આપવું જોઈએ, ૧૦ દિવસમાં આવા બ્રિજનો રિપોર્ટ આપો :હાઈકોર્ટ

અમદાવાદ, મોરબી ઝુલતો પુલ તૂટવાની ગોઝારી ઘટનાને ૬ દિવસ બાદ એક મહિનો થઈ જશે પરંતુ આ મામલે હજુ સુધી કોઈ નક્કર પગલા લેવામાં નથી આવ્યા. પુલ તૂટવાની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતકના પરિવારજનોએ પણ અરજી દ્વારા નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

મોરબી મોરબી ઝુલતો પુલ તૂટવાની દુર્ઘટના ને લઈને આજે હાઈકોર્ટેમાં જાહેર હિતની અરજી પર સુનાવણી થઈ હતી. ગુજરાત માનવ અધિકાર આયોગે રિપોર્ટ રજૂ કર્યો હતો. પીડિતોને અપાયેલા વળતર અંગે રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કહ્યું કે, સરકારે જાહેર કરેલું વળતર ઓછું છે. મૃતકોને પરિવારને ૧૦ લાખનું વળતર મળવું જોઈએ. તથા ઘાયલોને આપવામાં આવેલ ૫૦-૫૦ હજારનું વળતર પણ ઓછું છે. હાઈકોર્ટે આવા તમામ બ્રિજનો રિપોર્ટ આપવાનો આદેશ આપ્યો છે. ૧૦ દિવસમાં આવા તમામ બ્રિજનો રિપોર્ટ આપવા આદેશ આપ્યો છે.

ઝૂલતા પૂલ દુર્ઘટનાના આઠ આરોપીની જામીન અરજી નામંજૂર, એક પેન્ડિંગ છે. મોરબી સેસન્સ કોર્ટમાં સુનવણી બાદ અરજી નામંજૂર કરાઈ છે. ઓરેવા કંપનીના મેનેજર સહિતના આઠ આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી છે. એક આરોપીની જામીન અરજી પેન્ડિંગ રાખવામાં આવી છે.

૩૦ ઓક્ટબરે સાંજે ૬ વાગ્યાની આસપાસ મોરબીનો ઝુલતો પુલ તૂટી પડતાં ૧૩૫થી વધુ લોકોના મોત થયા હતા. આ બ્રીજને રિનોવેટ કરીને ખુલ્લો મૂકાયાના ગણતરીના દિવસમાં જ તે તૂટી પડ્યો હતો. ફિટનેસ સર્ટીફિકેટ વિના કે કોઈ ટ્રાયલ વિના જ બ્રીજ ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. આ પુલનો કોન્ટ્રાકટ ઓરેવા કંપનીએ આપ્યો હતો જેને જિંદાલ ગ્રૂપે કામ સૌંપ્યું હતું પરંતુ આટલી મોટી દુર્ઘટના બાદ પણ કંપનીના માલિકની ધરપકડ તો શું પૂછપરછ પણ કરવામાં નથી આવી તેથી લોકો સરકાર સામે કંપનીના માલિકને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો આપેક્ષ કરી રહ્યાં છે.

# ગુજરાત મજૂરોને દૈનિક વેતન આપવામાં સૌથી પાછળ, કેરળ રાજય નંબર-૧ ઉપર છે

નવીદિલ્હી, ભારતમાં દર ૧૨ મિનિટે એક મજૂર આત્મહત્યા કરે છે. ઘણી વખત આ મજૂરોની આત્મહત્યાનું કારણ આર્થિક તંગી પણ જોવા મળતા હોય છે. આરબીઆઈના નવા રિપોર્ટમાં મજૂરોના વેતનને લઈને ઘણા મોટા ખુલાસા થયા છે. ૨૦૨૧-૨૨ના આંકડા દર્શાવે છે કે, ગુજરાત અને મધ્યપ્રદેશ જેવા રાજ્યો મજૂરોને દૈનિક વેતન આપવામાં સૌથી પાછળ છે, જ્યારે કેરળ એવું રાજ્ય છે, જ્યાં મજૂરોનું વેતન સૌથી વધુ જોવામાં આવે છે.

આરબીઆઈના રિપોર્ટ અનુસાર, ૨૦૨૧-૨૨માં કૃષિ મજૂરોનું રાષ્ટ્રીય સરેરાશ દૈનિક વેતન ૩૨૩.૨ રૂપિયા હતી. મધ્યપ્રદેશના ગ્રામીણ વિસ્તારોમાં, ખેતમજૂરોની દૈનિક વેતન રૂ. ૨૧૭.૮, તો ગુજરાતમાં તે રૂ. ૨૨૦.૩ છે. બીજી તરફ, કેરળમાં ગ્રામીણ ખેતમજૂરોને ૭૨૬.૮ રૂપિયા દૈનિક વેતન આપવામાં આવે છે. બાકીના રાજ્યોની વાત કરીએ તો ઓડિશામાં દૈનિક વેતન રૂ. ૨૬૯.૫, ત્રિપુરામાં રૂ. ૨૭૦, મહારાષ્ટ્રમાં રૂ. ૨૮૪.૨ અને યુપીમાં રૂ. ૨૮૮.૦ છે.

આ ઉપરાંત, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને તમિલનાડુએ કેરળ પછી સૌથી વધુ દૈનિક વેતન આપ્યું હતું. જમ્મુ અને કાશ્મીરના ગ્રામીણ વિસ્તારોમાં ખેત મજૂરોને રૂ. ૫૨૪.૬, હિમાચલમાં રૂ. ૪૫૭.૬ અને તમિલનાડુમાં રૂ. ૪૪૫.૬ આપવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાં બાંધકામમાં રોકાયેલા પુરૂષ મજૂરોને ૨૦૨૧-૨૨માં સરેરાશ દૈનિક વેતન રૂ. ૩૭૩.૩ મળ્યું છે. અહીંયા પણ કેરળ મોખરે છે અને ગુજરાત તેમજ મધ્યપ્રદેશ પાછળ છે. કેરળમાં બાંધકામ કરતા કામદારોને રોજનું ૮૩૭.૭ રૂપિયા વેતન મળે છે. જ્યારે ગુજરાતમાં દૈનિક વેતન રૂ. ૨૯૫.૯ અને MPમાં રૂ. ૨૬૬.૭ છે.

ગયા વર્ષે, બાગાયતમાં રોકાયેલા મજૂરોનું સરેરાશ દૈનિક વેતન રૂ.૩૨૯.૭ હતું. આ મજૂરોને માત્ર MP અને ગુજરાતમાં જ સૌથી ઓછુ દૈનિક વેતન મળે છે. બાગાયતમાં રોકાયેલા મજૂરોને એમપીમાં રૂ. ૨૦૩.૫ અને ગુજરાતમાં રૂ. ૨૧૬.૫ મળ્યા છે, જ્યારે કર્ણાટકે મહત્તમ દૈનિક વેતન રૂ. ૩૬૮.૬ આપ્યું છે. ખેતી સિવાયના અન્ય કામોમાં રોકાયેલા મજૂરોનું સરેરાશ દૈનિક વેતન રૂ.૩૨૬.૬ છે. અહીં પણ કેરળ ટોચ પર રહ્યું અને એમપી-ગુજરાત તળિયે રહ્યું છે. કેરળમાં બિન-કૃષિ કામોમાં રોકાયેલા પુરૂષ મજૂરોને ૨૦૨૧-૨૨માં ૬૮૧.૮ રૂપિયા દૈનિક વેતન મળ્યું છે. જ્યારે, ર્સ્માં માત્ર ૨૩૦.૩ અને ગુજરાતમાં ૨૫૨.૫ રૂપિયા મળ્યા છે.

મનરેગા એટલે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી, આ અંતર્ગત મજૂરોને વર્ષમાં ૧૨૦ દિવસ કામ આપવામાં આવે છે. આ મજૂરોને રોજનું કેટલું વેતન મળશે? તે દર વર્ષે વધે છે અને દરેક રાજ્યમાં બદલાય છે. મનરેગા હેઠળ કામ કરતા મજૂરોને હરિયાણામાં સૌથી વધુ દૈનિક વેતન મળે છે. હરિયાણામાં મજૂરોને દૈનિક મજૂરી તરીકે ૩૩૧ રૂપિયા આપવામાં આવે છે. તે પછી ગોવા છે જ્યાં તમને રોજના રૂ.૩૧૫ મળે છે. કેરળ ત્રીજા નંબરે છે અને અહીંના મજૂરોનું દૈનિક વેતન રૂ.૩૧૧ છે.

# લુણાવાડા તાલુકા પંચાયતના બીજેપીના શાસક્ષ પક્ષના નેતા જિલ્લા ભાજપ પ્રમુખ વિરોધમાં ભાષણ કરતા ભાજપ માંથી સસ્પેન્ડ

લુણાવાડા, મહીસાગર જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકની ચૂંટણી માટે ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ભાજપ, કોંગ્રેસ અને આપ સહિતના માન્ય પક્ષોના અને અપક્ષ મળીને કુલ ૮ ઉમેદવાર મેદાને પડ્યા છે. વર્ષ ૨૦૧૭ ની ચૂંટણી સાથે સરખામણી કરીએ તો પક્ષ નહીં પરંતુ અપક્ષ મજબૂત દેખાઈ રહ્યું છે. ૨૦૧૭ માં લુણાવાડા વિધાનસભા અપક્ષ ઉમેદવાર રતનસિંહ રાઠોડ વેજેતા થાય હતા. ત્યારે હાલ ૮ માંથી ત્રણ અપક્ષ ઉમેદવારો મેદાને છે. જેમાં ત્રણ ટર્મ જિલ્લા ભાજપના પ્રમુખ રહેલા અને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ જે.પી.પટેલ ગર્ભશ્રીમંત છે. તો બીજી તરફ ૮૮ કરોડની પ્રોપર્ટી બતાવનાર એસ.એમ. ખાંટ અપક્ષ ઉમેદવારી નોંધાવતા બંને ઉમેદવાર સક્ષમ હોવાથી પક્ષોના ઉમેદવારોમાં ગભરાહટ જોવા મળી હતી. તો બીજી તરફ અપક્ષના ઉમેદવાર જે.પી. પટેલની પ્રચાર સભામાં તાલુકા પંચાયતના ચૂંટાયેલા શાસક્ષ પક્ષના નેતા અજય દરજી દ્વારા જાહેરમાં જિલ્લા ભાજપ પ્રમુખના વિરોધમાં ભાષણ અને અપક્ષનો પ્રચાર કરતા ભાજપમાં ભડકો જોવા મળ્યો હતો. ત્યારે પાર્ટી વિરૂદ્ધ કામ કરતા હોદ્દેદારો ને ઠેરઠેર સપેન્ડ કરવામાં આવ્યા બાદ અજય દરજીને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સર્વે મુજબ લુણાવાડા સીટ પર ભાજપના ૯૦ ટકા કર્યાકર્તાઓ અને ત્રણે સીટો પર જિલ્લાના મોટા હોદ્દેદારો અને કાર્યકર્તાઓ અપક્ષના ટેકમાં કાંતો પક્ષ વિરોધી કાર્યકર્તા હોઈ તેવું દેખાઈ રહ્યું છે. જેથી મુખ્ય ત્રણે પક્ષોને નુકશાન છે. ત્યારે જિલ્લા પંચાયતની ચૂંટણી સમયે મોટા નેતાઓએ પાર્ટી વિરૂદ્ધ કામ કર્યુ હતું, પરંતુ કોઈ કાર્યવાહી ન થઈ હતી અને નાના કાર્યકર્તાઓનું બાળ મરણ થયું હતું. ત્યારે આ વખતે મોટા ગજાના નેતાઓ એક રહી ને કાર્યવાહીથી બચી જાય છે કે કાર્યવાહી થશે એ જોવાનું રહ્યું.

# રાજકોટના જુના યાર્ડ નજીક હિટ એન્ડ રન : અજાણ્યા ટ્રકે બાઈકને ઠોકરે લેતા પતિની નજર સામે પત્નીનું મોત

રાજકોટ, રાજકોટના આજીડેમ ચોકડીથી માર્કેટીંગ યાર્ડ તરફ જતા સંતકબીરના નાલા પાસે અજાણ્યા ટ્રકના ચાલકે બાઈકને હડફેટે લેતા પતિની નજર સામે જ પત્નીનું મૃત્યુ નિપજયાનો બનાવ આજીડેમ પોલીસના ચોપડે નોંધાયો છે.આ બનાવ અંગે મૃતકના પતિની ફરિયાદ પરથી ટ્રક ચાલક સામે ગુન્હો નોંધવામાં આવ્યો છે. વધુ વિગતો મુજબ,મવડીના જીવરાજ પાર્ક પાસે શ્રી દર્શન એવન્યુ એપાર્ટમેન્ટમાં ફલેટ નંબર.૧૦૨માં રહેતા અને હરીપર પાસે આવેલી ફેકટરીમાં પ્રાઈવેટ નોકરી કરતાં અનિલભાઈ સાવજીભાઈ કંટેસરિયા(પટેલ) (ઉ.વ.૫૫)ગઈકાલે તેના પત્ની પ્રજ્ઞાબેન (ઉ.વ.૫૦)ને બાઈક પાછળ બેસાડી ઘરેથી કુવાડવા ગામમાં રહેતા નણંદના ઘરે ત્યારે આજી ડેમથી માર્કેટીંગયાર્ડ તરફ સંતકબીર રોડ પર નાલા પાસે પુરપાટ ઝડપે આવેલા અજાણ્યા ટ્રકના ચાલકે તેને બાઈક સહિત હડફેટે લીધા હતા. આ અકસ્માતમાં પ્રજ્ઞાબેન અને તેના પતિ અનિલભાઈ રસ્તા પર ફંગોળાઈ જતા પ્રજ્ઞાબેનને ગંભીર ઈજા થતા તેઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં તેને મૃત જાહેર કર્યા હતા. જયારે તેના પતિને સામાન્ય ઈજા થઈ હતી. બનાવ અંગે આજી ડેમ પોલીસના પીએસઆઈ એચ.બી.ગઢવી અને મેહુલભાઈએ આ અંગે મૃતકના પતિ અનિલભાઈની ફરિયાદ પરથી અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા. મૃતકને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# પરિક્રમા પૂર્ણ થયા બાદ ગિરનારમાંથી બે ટન પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરાયો



જુનાગઢ, મિશન નેચર ફર્સ્ટ દ્વારા છેલ્લા ૫૮ સપ્તાહથી દર રવિવારે નેચર ફર્સ્ટના માધ્યમથી પ્રકૃતિનું જતન અંતર્ગત ગિરનાર જંગલના અલગ અલગ વિસ્તારોમાં દર રવિવારે પ્લાસ્ટિક મુક્ત ગિરનાર જંગલ અભિયાન ચલાવવામાં આવે છે, ત્યારે તાજેતરમાં જ ગિરનાર જંગલમાં પરિક્રમા થઈ હતી, જેમાં ૧૨ લાખ જેટલા લોકોએ આ પરિક્રમા પૂર્ણ કરેલી હોય અને પરિક્રમા દરમિયાન તંત્ર દ્વારા પ્લાસ્ટિક જંગલમાં ન લઈ જવું તથા પ્લાસ્ટિક જંગલમાં ન ફેકવું સહિતના આદેશો કરવામાં આવ્યા હોવા છતાં લોકો દ્વારા જંગલ વિસ્તારમાં હજારો કિલો પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એ પ્લાસ્ટિક જંગલમાં જ્યાં ત્યાં ફેંકવામાં આવ્યું હતું ત્યારે આ લોકો દ્વારા જંગલમાં ફેંકવામાં આવેલા પ્લાસ્ટિકનો નાશ કરવા માટે આજે નેચર કૈજિં જૂનાગઢની ટીમ દ્વારા સપ્તાહ પ્લાસ્ટિક મુક્ત ગિરનાર જંગલ અભિયાન યોજવામાં આવ્યું હતું.

જેમાં નેચર ફસ્ટની સાથે હ્યુમાનીટિ ફર્સ્ટ ગ્રુપ જુનાગઢ તથા ભારત વિકાસ પરિષદ માણાવદર સહિત મહિલાઓ તથા બાળકો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાઈ અને બોરદેવી આસપાસના જંગલ વિસ્તારમાં મહા પ્લાસ્ટિક મુક્તિ અભિયાન યોજીને આશરે ૨ ટન જેટલા પ્લાસ્ટિકનો નાશ કરવામાં આવ્યો હતો

# સંતરામપુર નગરના ગોધરા ભાગોળ વિસ્તારમાં આડેધર વાહનો પાર્ક કરવાથી ટ્રાફિક સમસ્યા વિકળ બની


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરના ગોધરા ભાગોળ વિસ્તારનો વર્ષોથી સૌથી મોટો પ્રશ્ન ટ્રાફિક સમસ્યાનો રહે છે. આ પ્રશ્ન સંતરામપુરના વેપારીઓએ અને વાહન ચાલકોએ ચૂંટાયેલા પ્રતિનિધિ પાલિકા પોલીસ તમામને રજૂઆત કરવા છતાં પરંતુ ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન હજુ સુધી હલ કરવામાં આવેલો નથી. સવારથી સાંજ સુધી ગોધરા ભાગોળ વિસ્તારમાં આડેધડ રોડ ઉપર વાહનો પાર્કિંગ કરવાથી અને પથારાવાડાઓ રોડને અડીને જ દુકાન લગાવતા હોય છે. આજે જેના કારણે ટ્રાફિક સમસ્યા વિકટ બનતી જાય છે. વાહન ચાલકો અને રાહતદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. ઘણીવાર તો ૧૦૮ અથવા એમ્બ્યુલન્સને જવા માટે પણ ભારે મુશ્કેલી પડતી હોય છે. સૌથી મોટી ટ્રાફિક સમસ્યાની હલ કરવા માટે પાલિકા અને પોલીસ તંત્ર નિષ્ફળ ગયેલી છે. વાહન ચાલકો અને સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

# ગાય-ભેંસના દુધમાંથી જ આવક થતી હતી, હવે છાણમાંથી પણ થશે' : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



પાલનપુર, વિધાનસભાની ચૂંટણીના એક સપ્તાહ પહેલા ભાજપે પ્રચાર માટે સંપૂર્ણ તાકાત હોમી દીધી છે. ત્રણ દિવસનાં ગુજરાત પ્રવાસનાં એક દિવસ બાદ પ્રધાનમંત્રી ફરી બે દિવસના મિશન પ્રચાર પર નીકળ્યા છે અને ઉત્તર તેમજ મધ્ય ગુજરાતમાં ચૂંટણી સભાઓ ગજવી હતી પાલનપુરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જાહેરસભાને સંબોધન કર્યુ હતું જેમાં કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા, સંસદ પરબત પટેલ, રાજ્યસભાના સંસદ દિનેશ અનાવાડીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી સહિત દાંતા, પાલનપુર, વડગામ, ડીસા અને ધાનેરાના ભાજપના ઉમેદવારો ઉપસ્થિત રહ્યાં હતાં સભા સ્થળે મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ, કાર્યકર્તાઓ અને લોકો ઉમટી પડ્યા હતાં. પીએમ મોદીએ કહ્યું, ૨૦૧૭ની ચૂંટણી તમને બધાને યાદ હશે અથવા ભૂલી ગયા છો. તમને એ યાદ હશે કે કેટલાય કમળ નહતા ખીલ્યા. એ વખતે ચૂંટણી સભાઓના છેલ્લા દિવસો હતા અને હું અહીં આવ્યો હતો મારો અવાજ ખરાબ હોવાથી હું એક શબ્દ પણ બોલી નહોતો શક્યો પણ તમે બહુ પ્રેમ આપ્યો હતો. અવસર ચૂંટણીનો છે પણ હું તમારા આશીર્વાદ લેવા આવ્યો છું કારણકે તમે વોટ તો ભાજપને જ આપવાના છે.

પીએમ મોદીએ કહ્યું, તમને પસ્તાવો થતો હશે પણ હવે તમે આ વિસ્તારમાં કમળ ખિલાવવાનો નીર્ધાર કર્યો છે. હું હમણાં હમણાં બનાસકાંઠામાં બહુ વખત આવ્યો એટલે મને ખબર પડી વાતાવરણ વાવાઝોડા જેવું છે. આ ચૂંટણી ધારાસભ્યો કે સરકારી બનાવવાની નથી આ ચૂંટણી તો આગામી ૨૫ વર્ષમાં પ્રગતિ થાય તેના માટે છે. પીએમ મોદીએ કહ્યું, હું આજે પાલનપુરમાં આવ્યો છું તો મારું ધ્યાન પાંચ ૫ ઉપર જાય છે. પર્યટન, પર્યાવરણ, પાણી, પશુધન અને પોષણ... હું આ પાંચ જ મુદાને મારા દિલ દિમાગમાં મારા બનાસકાંઠા, મારા ગુજરાત અને ભારત માટે સીધી રેખાનો રોડ મેપ પડ્યો છે એ તમારા ધ્યાનમાં આવશે. પીએમ મોદીએ કહ્યું, પર્યટનના કારણે દુનિયા ખુબજ નાની થઈ ગઈ છે. બનાસકાંઠાની અંદર ઉત્તર ગુજરાતમાં જ્યાં આટલું સરસ રણને આપણે તોરણ બનાવી દીધું છે ત્યાં વિકાસની કેટલી સંભાવના છે. ધરોઈ.માં અંબા અને હવે તો માં નડાબેટ નડેશ્વરી, રણ, પાટણની વાવ અને પેલી બાજુ કચ્છનું રણ... હમણાં ગબ્બર ઉપર લાઈટિંગ શો કર્યો... માં અંબાનું ધામ બદલી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું, આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર દુનિયા ભરના લોકો આવે છે તો મારા ધરોઈ ઉપર કેમ ન આવે. ધરોઈથી અંબાજી સુધી ઈકો ટુરિઝમ,યુવાનોને આકર્ષે તેવું પર્યટન ૧૧૦૦ કરોડના ખર્ચે કરવાનું કામ ભૂપેન્દ્રભાઈ એ કર્યું છે. પાટણની વાવની દુનિયામાં ગુંજ છે પીએમ મોદીએ કહ્યું, ૫૦૦ રૂમની હોટલ બનાવવી હોય તો ૫૦૦ કરોડ જોઈએ પણ આપણે સ્સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં ૫૦૦ હોમ ટેક બનાવ્યા જેના કારણે ત્યાંના લોકોને રોજગારી મળવા માંડી છે. પીએમ મોદીએ કહ્યું, આપણું ગુજરાત ગ્રીન હાઈડ્રોજનનું હબ બનવાનું છે. કચ્છ સુધીનો આખો પટ્ટો ગ્રીન હાઈડ્રોજન હબ બનશે. આવનાર દિવસોમાં તમારી ગાડીઓ ગ્રીન હાઈડ્રોજનથી ચાલશે. બનાસડેરીએ ગોબરગેસનો પ્લાન્ટ બનાવ્યો છે. તમારી વાહનોની અંદર બાયોફીલ હશે તેના કારણે પર્યાવરણની રક્ષા થશે અને તમારા વાહનની એનર્જી વધશે તો પશુપાલકની આવક વધશે.

પીએમ મોદીએ કહ્યું, બનાસકાંઠામાં લોકોને ટપક સિંચાઈ અપનાવીને પાણી બચાવ્યું.. દરેક જિલ્લામાં ૭૫ અમૃત તળાવો બનાવ્યા.. અહીં પાણી માટે લોકો વલખા મારતા અને સુજલામ સુફલામ યોજનાની વાત કરતો તો લોકો મારી મજાક ઉડાવતા. પણ આજે સુજલામ સુફલામ અને નર્મદા યોજનાથી આ વિસ્તારમાં કાયા પલટ થઈ છે. પીએમ મોદીએ કહ્યું, જે રીતે લોકોને ટીકાકરણ કર્યું તેમજ પશુઓને પણ ટીકાકરણનું કામ હું કરી રહ્યો છું..૧૩૦૦ કરોડનું ખર્ચ.. તમે આ વખતે વોટ આલવા જાઓ ત્યારે તમારા ૨૫ વર્ષનો વિચાર કરજો અને વિકાસનો વિચાર કરીને વોટ આપજો...

પીએમ મોદીએ કહ્યું, બનાસકાંઠામાં મોટું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનવાનું છે. આખા ભારતનો સમાન કંડલા પોર્ટ ઉપર જવાનું છે તો વાયા પાલનપુર થઈને જવાનું છે. હવે ઉજ્જવળ દિવસનો બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતના થવાના છે. મારે બનાસકાંઠા પાટણ કચ્છ આ દુર્ગમ વિસ્તારથી હું પરિચિત છે. મને તમે દિલ્હીમાં બેસાડ્યો છે તો તમારા કામમાં તો આવુંને પણ તમે જ કામમાં ન લો તો. આ વખતે રેકોર્ડ બ્રેક મતદાન કરો..તમે લોકોસભામાં મને ખુબ મત આપ્યા તેનો પણ આ વખતે રેકોર્ડ તોડી નાખો.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારી રાશિઓ માટે આનંદદાયક સાબિત થઈ શકે છે. થોડી મહેનત કરવાથી તમને સન્માન મળશે અને તમે સફળતા મેળવીને ખુશ થશો.

વૃષભ : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સકારાત્મક પરિણામ આપનાર છે. પૈસાની સમસ્યાઓ ઉકેલાશે. સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ ઉકેલાશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે ઓળખાણ થશે અને વેપારમાં લાભ થશે.

મિથુન : આજનો દિવસ તમારા માટે ધ્યાન આપવાનો રહેશે. આજે તમારે તમારા ખાવા-પીવા પર વધારે ધ્યાન આપવું જોઈએ. ઘરની બહાર ખાવાનું ટાળો. ઓફિસમાં તમારા વિરોધીના કાવતરાથી સાવધાન રહો.

કર્ક : આજનો દિવસ ભાગ્યશાળી રહેશે. વેપાર અને રોકાણમાં નફાની અપેક્ષા છે. ભૂતકાળમાં કરેલું રોકાણ હવે તમારા માટે નફાકારક બની શકે છે. વિશેષ લોકો સાથે સંપર્ક વધશે અને તમને મુસાફરી અને મનોરંજનનો આનંદ પણ મળશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે સારો છે. તમે આજે તમારા પ્રેમીને મળશો. મનમાં નવા પ્રકારનો આનંદ આવશે અને દિવસભર ઉત્સાહ રહેશે. કેટલીક મૂંઝવણના કારણે નફાના માર્ગમાં અવરોધો આવી શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે સારો હોઈ શકે છે. રાજકીય પ્રવૃત્તિઓ વધશે અને તમે જે પણ નવા પ્રયોગો કરશો તે સફળ થશે. તમે અનુભવી વ્યક્તિનો લાભ ઉઠાવશો અને તેની પાસેથી સારી વસ્તુઓ શીખવાનો પ્રયત્ન કરશો.

તુલા : આજે તમારે થોડી સાવધાનીપૂર્વક ચાલવું જોઈએ. પરિવારની બાબતમાં અને અન્યની બાબતમાં કંઈ પણ બોલતા પહેલા વિચારપૂર્વક બોલો. આસપાસના લોકો સાથે દલીલોમાં સામેલ ના થાઓ, દલીલ થઈ શકે છે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે ખૂબ જ પડકારજનક રહેશે. દિવસના પહેલા ભાગમાં, મુશ્કેલીઓ અને નાના વિવાદો ઊભા થશે, પરંતુ તમારી સમજ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે. વધતા ખર્ચા પર અંકુશ આવશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે સામાન્ય છે. નોકરી અને વ્યવસાય બંનેમાં બધું સામાન્ય રહેશે. આજે પ્રામાણિકપણે બનાવેલા સંબંધો લાંબા સમય સુધી ચાલશે. કેટલાક લોકોનું ભાગ્ય આજે ચમકી શકે છે.

મકર : ઓફિસમાં આજે કોઈ સાથે વિવાદ થઈ શકે છે. અભ્યાસમાં ધ્યાન આપો. તમને સંપત્તિનો લાભ મળશે. મહેનત સારા પરિણામ આપશે. ઓફિસમાં નવા સાથીઓ કામમાં મદદ કરશે, પરંતુ જૂના લોકો તમારી ઈર્ષ્યા કરી શકે છે.

કુંભ : આજે તમે કોઈ મહત્વપૂર્ણ કામમાં અટકેલા રહેશો. આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે. સખત મહેનત પછી તમને તેનું ફળ મળશે. તમારા જીવનસાથી સાથે ખાસ સાંજનો કાર્યક્રમ બનાવવો સફળ રહેશે.

મીન : આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. તમને ફરીથી નફાની તકો મળશે. આજે તમારા પૈસા કોઈ શુભ કાર્યમાં ખર્ચ થશે અને તમને ભણવામાં પણ મન લાગશે. આ દિવસે નવી સફળતા મળવાથી મનમાં આનંદ રહેશે.

# રતલામ મંડળના બામણીયા નજીક રેલ માર્ગ ઉપર ટ્રક ચાલકે ક્રોસીંગ તોડી બાઈક સવાર બે વ્યકિત તેમજ અન્ય બે વ્યકિતને અડફેટમાં લેતા બે ના મોત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રતલામ મંડળના બામણીયા નજીક માર્ગ અકસ્માતનો બનાવ બનવા પામ્યો છે. જેમાં આ માર્ગ અકસ્માત દિલ્હી–મુંબઈ રેલ માર્ગ પર બનવા પામયો છે જેમાં એક ટ્રક ચાલકે મોટરસાઈકલ સવાર બે વ્યકિતઓ તેમજ અન્ય બે વ્યકિતઓને અડફેટમાં લેતાં મોટરસાઈકલ પર સવાર બે વ્યક્તિઓના ઘટના સ્થળ પરજ પ્રાણ પંખેરૂં ઉડી ગયાં હતા. જ્યારે અન્ય બે વ્યકિતઓ ગંભીર હાલતમાં નજીકના દવાખાને સારવાર લઈ રહ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

રતલામ મંડળના બામણીયા નજીક દિલ્હી–મુંબઈ રેલ માર્ગ ઉપર આજરોજ એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતો હતો અને રેલ લાઈનની ક્રોસીંગ તોડી પસાર થઈ રહ્યો હતો. તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ મોટરસાઈકલ પર સવાર બે વ્યકિતઓને અને અન્ય બે વ્યકિતઓ મળી કુલ ચારને અડફેટમાં લેતાં ટ્રકની અડફેટમાં મોટરસાઈકલ પર સવાર બે વ્યકિતઓ આવી જતાં બંન્ને વ્યકિતઓના ઘટના સ્થળ પર પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યાં હતા. જયારે અન્ય બે વ્યકિતઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે રેલ લાઈન પર બનેલ આ માર્ગ અકસ્માતને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. સ્થાનીક પોલીસ તેમજ રેલ્વે વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. બંન્ને મૃતકોની લાશને નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યાં હતાં અને ગંભીર ઈજાગ્રસ્ત અન્ય બે વ્યક્તિઓ હાલ સારવાર લઈ રહ્યાં છે. ત્યારે આ રેલ્વે લાઈન પર માર્ગ અકસ્માતના બનાવને પગલે દિલ્હી–મુંબઈનો રેલ માર્ગ પણ ખોરવાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. બામણીયાના આ રેલ્વે ક્રોસીંગ પર ભુતકાળમાં પણ અનેક માર્ગ અકસ્માતો થયાં હતાં અને કેટલાંક લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યાં હતાં. સ્થાનીક લોકો અને સ્થાનીક નેતાઓએ અહીં ઓવર બ્રિજ બનાવવાની માંગ પણ કરવામાં આવી હતી પરંતુ હાલ સુધી માત્ર લોકોને સહાનુભુતી આપવામાં આવી હતી.

# દાહોદ જિલ્લામાં ઠંડીનું તાપમાન વધ્યું : દિવસે પણ જોવા મળતો ઠંડીનો ચમકારો



દાહોદ,

હિમાચલ પ્રદેશ અને કાશ્મીરમાં હિમ વર્ષાને લઈ ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે. દિવાળી પછી એમ તો ઠંડીનો માહોલ ધીરે ધીરે જામતો જોવા મળી રહેલ છે, પણ હાલતો હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં થયેલ હિમવર્ષાને લઈને નગરમાં ઠંડીના તાપમાનમાં વધારો જોવા મળી રહેલ છે. હાલનાં ઠંડીના ચમકારાને લઈને નગરજનોને ફુલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહેલો છે અને નગરજનોમાં પણ આવા સરસ વાતાવરણને લઈ તાજગી જોવા મળી રહેલ છે. નગરજનોને ઠંડીનો અહેસાસ થતાં સ્વેટર, મફલર, શાલમાં જોવા મળી રહેલ છે અને સવારમાં તડકામાં ચાની હાથલારી પર ચા પીતા પીતા ઉભા રહી ઠંડી ઉડાડતાં જોવા મળી રહ્યા છે. સવાર સાંજ નગરજનો તાપણાની મજા લેતા પણ જોવા મળી રહેલ છે. ધીરે ધીરે ઠંડીમાં થયેલ ચમકારાને લીધે નગરજનો સવાર સાંજ તંદુરસ્તી જળવવા માટે વોક કરતા પણ જોવા મળી રહેલ છે. આમ હાલતો નગરજનો ઠંડીના ઠંડા વાતાવરણની મજા લેતા જોવા મળી રહ્યા છે.

## ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દાહોદ દ્વારા પ્રાથમિક સારવાર તાલીમ વર્ગનો થયેલ શુભારંભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

માનવસેવા ના કાર્યે કરતી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જીલ્લા શાખા દ્વારા યુવાનો અને યુવતીઓને નોકરીમાં જરૂરી પ્રમાણપત્ર માટે પ્રાથમિક સારવાર તાલીમ વર્ગનો શુભારંભ સંસ્થાના ચેરમેન ગોપાળભાઈ ધાનકાના શુભ હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો. આ પ્રસંગે સંસ્થાના ખજાનચી કમલેશભાઈ લીમ્બચીયા, માનદ મંત્રી જવારભાઈ શાહ, કારોબારી સભ્ય અને પ્રાથમિક સારવાર વર્ગના કન્વીનર ગજેન્દ્રભાઈ ક્ષોત્રીય, સેવાભાવી કાર્યકર્તાઓ નરેશભાઈ ચાવડા, મુકુંદભાઈ કાબરાવાલા, બી.એડ. કોલેજ નગરાળાના આચાર્ય પંચાલ તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન ગોપાળભાઈ ધાનકા એ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## દાહોદ જિલ્લા માંથી હિજરત કરતા રોજમદાર વર્ગ : ચૂંટણીના મતદાનમાં અસર થવાની સંભાવના

દાહોદ,

દાહોદ જિલ્લામાં ખેતી પર નિર્ભર તેમજ ગ્રામ્ય વિસ્તાર પર નભતું નગર છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેનાર વર્ગ પાસે ખેતી પછી આવકનું કોઈ નવો માર્ગ ન હોવાથી બહારગામ મજૂરી કરવા જાય છે. અહીંયા વસનાર લોકો દ્વારા કેટલાય સમયથી રોજગારી માટે જી.આઇ.ડી.સી ની માંગણી વારંવાર કરવામાં આવેલ છે છતાય અહીંયાં કોઈ ઉદ્યોગ સ્થાપવામાં આવતો નથી તેથી અહીં વસનાર મજૂર વર્ગ પોતાના પરિવારના ભરણ પોષણ કરવા વારેઘડી બહારગામ મજૂરી કરવા જતા હોય છે.

હાલ નગરમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ જામતો જોવા મળી રહેલ છે. છતાંય કામ અર્થે રોજગારી મેળવવા મજૂર વર્ગ બહારગામ જતો જોવા મળી રહ્યો છે. તેનો સીધો અસર આવનાર વિધાનસભાની ચૂંટણીના મતદાન પર પડે તેની સંભાવનાઓ જોવા મળી રહેલ છે. મજૂર વર્ગ જો મતદાન કરવા નહીં આવેતો મતદાનની ટકાવારી ખૂબ ઓછી જોવાય તેવું વર્તાઈ રહ્યું છે. જેથી ચૂંટણીમાં ઉભા રહેલ ઉમેદવારો આ વિશે ચિંતામાં જોવા મળી રહેલ છે અને ચૂંટણીમાં મતદાન કરવા ફરી મતદારો પાછા આવે તેની ગોઠવણમાં જે તે વિસ્તારના ઉમેદવારો મંથન કરી રહેલ જોવા મળી રહેલ છે. હાલ ગ્રામીણ વિસ્તારમાં વસનાર લોકો મતદાન કરતા પોતાના પરિવારના ભરણ પોષણ વિશે વધુ વિચારે છે. તેથી મતદાન ઓછું થાય તેવા ચિત્રો જોવાઈ રહેલ છે.

હવે ચૂંટણીમાં ઉભા રહેલ ઉમેદવારો વધુ મતદાન કરાવવા માટેની તૈયારીઓમાં લાગી ગયેલ છે. તેવું જોવા મળી રહેલ છે.

## શ્રી જી.પી ધાનકા માધ્યમિક અને ઉ.મા.શાળા દાહોદ દ્વારા "મતદાન મહાદાન" જન-જાગૃતિ રેલીનું આયોજન




દાહોદ,

તા.૨૧.૧૧.૨૦૨૨ના રોજ વિધાનસભાની સામાન્ય ચુંટણી–૨૦૨૨ માં મતદાન કરવા માટે લોકોમાં જાગૃત્તિ કેળવવા અર્થે દાહોદ જિલ્લાની જી.પી. ધાનકા માધ્યમિક અને ઉ.મા. શાળા દાહોદ દ્વારા અવનવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં તાજેતરમાં અવસર લોકશાહીનો કેમ્પેઈન અંતર્ગત ખાતે મતદાર જાગૃતિ રેલીનું આયોજન કરવામા આવ્યું. જેમાં સ્કુલના બાળકો અને શિક્ષકોએ ઉત્સાહભર ભાગ લીધો.

વિશ્વના સૌથી મોટા ભારતીય લોકતંત્રની કરોડરજ્જુ સમાન ગુજરાત વિધાનસભા ચૂંટણી પર્વ–૨૦૨૨ નિમિત્તે, શાળાના પ્રમુખ આદરણીય ગોપાલભાઈ પી. ધાનકાની આગેવાનીમાં દાહોદ શહેરના ગૌરવવંતા મતદારોને પોતાના અમૂલ્ય અને પવિત્ર મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા જાગૃત કરવા હેતુ ભવ્ય બિન–રાજકીય "મતદાન મહાદાન" જન–જાગૃતિ રેલી/પદયાત્રાનું આયોજન શાળા દ્વારા કરવામાં આવ્યુ હતું. જેમાં મહત્તમ લોકોએ ભાગ લઈ રેલી સહિત વિવિધ પ્રવૃતિને સફળ બનાવી હતી. આ ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને દરેક નાગરિક સમાન અને સહર્ષ રીતે આ પ્રક્રિયાનો ભાગ બને એવા પ્રયાસો જિલ્લા ચૂંટણી તંત્ર દાહોદ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે.

## પંચમહાલ સમાચાર ઈમ્પેકટ
## દે.બારીયા સમડી સર્કલ પાસે પાણીની પાઈપ લીકેજ સમારકાર્ય શરૂ કરાયું

દે.બારીયા,

તા.૨૪/૧૧/૨૦૨૨ ગુરૂવારના પંચમહાલ સમાચારમાં લોકોની વાચા રજુ કરતા તેનો પડઘો દે.બારીયા નગર પાલિકાના પાણી શાખાના દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી મેન પાણીની પાઈપ લાઈનમાં લીકેજના સમારકાર્ય કરવા માટે જે ૧૦ થી ૧૫ ફુટ ઉંડો ખાડો ખોદી રાખ્યો હતો. જેના માટે મૌખિક રજુઆતો નજીકના વેપારીઓએ કર્યા હોવા છતાં સમારકાર્ય શરૂ કરાતું ન હતું. આ ખાડો અવરજવર કરતી આમ જનતા માટે મોતનો કુવો સાબિત થાય તે પહેલા અમારા પંચમહાલ સમાચાર દૈનિક છાપામાં પ્રસિદ્ધ કરતા તેનો પડઘો પડતા તેજ દિવસે યુદધના ધોરણે પાલિકાના તંત્ર સફાળે જાગી અને આનુ સમારકાર્ય જે એક સપ્તાહ થી કરવામાં આવતું ન હતું. તે કાર્ય કરવા માટે ઈંટો, રેતી સમારકાર્યના સ્થળે આવી જતા આજુબાજુના વેપારી ભાઈઓમાં ખુશી જોવા મળી છે. લોકકાર્યની રજુઆતને ખરેખર વાચા મળતા આમ જનતાનો અવાજ અમે નિડરતા સાથે રજુ કરવા માટે અમારા પંચમહાલ સમાચારનો પરિવાર કટીબધ્ધ છે.

## દાહોદ જિલ્લામાં મતદાનના દિવસે હાટ બજાર કે મેળા યોજી શકાશે નહી

દાહોદ,

દાહોદનાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરે જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી અન્વયે મતદાનના દિવસે એટલે કે તા. ૫ ડિસેમ્બરના રોજ જિલ્લામાં અલગ અલગ વિસ્તારમાં ભરાતા અઠવાડિક હાટ બજાર કે મેળા ભરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવી રાખવા માટે આ આદેશ કરાયો છે. આદેશનો ભંગ કરનાર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાશે.

## મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજયામાં કેમેરા, મોબાઈલ સહિતના સાધનો સાથે પ્રવેશી શકાશે નહી

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૨ ના મતદાનના દિવસ તા. ૫–૧૨–૨૦૨૨ ના રોજ ૦૦.૦૦ કલાકથી મતદાન પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ મતદાન મથકોની અંદર તથા તેની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિ કેમેરા, મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર અને તેને આનુષંગિક ઈલેક્ટ્રિકલ ગેઝેટસ, એસેસરીઝ સાથે પ્રવેશ કરવા ઉપર તથા ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવાનો અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરે આદેશ કર્યો છે. આ આદેશ ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી સહિતના ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા અધિકારીઓને લાગુ પડશે નહી.

## સંજેલી નગરમાં શાળાના બાળકોએ મતદાર જાગૃતિ અંતર્ગત પ્રભાત ફેરીનું યોજાઈ


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

વિધાનસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે વહીવટી તંત્ર પણ ચૂંટણીને તૈયારી લઈ સજ્જ બન્યું છે. જેના ભાગરૂપે સંજેલી ખાતે આવેલી કન્યા શાળાના બાળકો દ્વારા નગરમાં અવસર રથ થકી મતદારોને જાગૃત કરવા માટે પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા બાળકો દ્વારા રેલી યોજવામાં આવી હતી. બેનર સહિત સુત્રોચાર સાથે મતદારોને મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી. વૃધ્ધ હો યા જવાન સભી કરે મતદાન જેવા સૂત્રો પોકાર્યા હતા અને નગરમાં રેલી મારફતે વધુમાં વધુ મતદાન કરે તે માટે રેલી થકી મતદારોને આહવાન કરવામાં આવ્યું હતું. જે રેલી સંજેલી નગરના વિવિધ માર્ગો પર ફરી હતી અને મતદારોને સરળ ભાષામાં મતદાન કરવા જાગૃત કર્યા હતા. મતદાન જાગૃતિ રેલીમાં સંજેલી કન્યા શાળાના બાળકો, શિક્ષકો સહિત આચાર્ય જોડાયા હતા.

## રેલવેએ ૧૬ મહિનામાં ૧૭૭ કર્મચારીઓને કાઢી મૂક્યા
# દર ૩ દિવસે નોન-પરફોર્મર કર્મચારીને છૂટા કર્યા, ૧૩૯ અધિકારીઓને વોલન્ટરી રિટાયરમેન્ટ



નવીદિલ્હી,

રેલવેએ ૧૬ મહિનામાં ૧૭૭ કર્મચારીઓને નિકાળ્યા છે. અધિકારીઓને બતાવ્યું કે જુલાઈ, ૨૦૨૧થી દર ત્રણ દિવસે એક ભ્રષ્ટ અધિકારી અથવા નોન-પરફોર્મરને બહાર નિકાળ્યા છે. અત્યાર સુધીમાં ૧૩૯ અધિકારીઓને વોલન્ટરી રિટાયરમેન્ટ લેવા માટે મજબૂર કરવામાં આવ્યા, જ્યારે ૩૮ને સર્વિસમાંથી હટાવ્યા છે.

અધિકારીઓએ કહ્યું કે ૧૩૯માંથી કેટલાક અધિકારી એવા છે, જેમને પ્રમોશન નહીં મળવાથી કે રજા પર મોકલવા પર રાજીનામું આપ્યું હતું કે VRSનો વિકલ્પ પસંદ કર્યો. આમાં એવા પણ મામલા છે, જ્યાં તેમને રિટાયરમેન્ટનો વિકલ્પ પસંદ કરવા માટે મજબૂર કરવાના સંજોગો ઊભા કરવામાં આવ્યા.

એક અધિકારીએ જાણકારી આપી કે બે સિનિયર ગ્રેડ અધિકારીઓને બુધવારને છૂટા કરવામાં આવ્યા. એમાંથી એકને સીબીઆઈએ પાંચ લાખ રૂપિયાની લાંચની સાથે હૈદરાબાદમાં, જ્યારે બીજાને ત્રણ લાખ રૂપિયા સાથે રાંચીમાં પકડ્યો હતો. તેમણે બતાવ્યું કે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના પરફોર્મન્સને લઈને આપવામાં આવેલા પોતાના સંદેશ 'કામ કરો અથવા ઘેર બેસો'ને લઈને બહુ સ્પષ્ટ છે.

અધિકારીઓએ બતાવ્યું-અમે જુલાઈ ૨૦૨૧થી દર ત્રણ દિવસે રેલવેના એક ભ્રષ્ટ અધિકારીને બહાર કાઢ્યો છે. તેના માટે રેલવેએ કાર્મિક અને પ્રશિક્ષણ સેવા નિયમોના નિયમ ૫૬ (જે)નો ઉપયોગ કર્યો છે, જે કહે છે કે એક સરકારી કર્મચારીને કમસે કમ ૩ મહિનાની નોટિસ અથવા સમાન સમયમાં ચૂકવણું કર્યા બાદ રિટાયર કે બરખાસ્ત કરી શકાય છે.

અધિકારીઓના અનુસાર, આ પગલું કામ નહીં કરનારાને બહાર નિકાળવાના કેન્દ્રના પ્રયાસનો હિસ્સો છે. અશ્વિની વૈષ્ણવે જુલાઈ ૨૦૨૧માં રેલવે મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી અધિકારીઓને વારંવાર ચેતવણી આપી કે જો તેઓ સારું પ્રદર્શન નથી કરતા તો વીઆરએસ લઈને ઘરે બેસી જાય. સૂત્રો અનુસાર જે લોકોને વીઆરએસ લેવા માટે મજબૂર કરવામાં આવ્યા કે બરખાસ્ત કરવામાં આવ્યા, તેમાં વધુ પડતા ઈલેક્ટ્રિકલ અને સિગ્નલિંગ, ચિકિત્સા અને સિવિલ સેવાઓના અધિકારી અને સ્ટોર, પરિવહન અને મિકેનિકલ વિભાગના કર્મચારી સામેલ છે.

વોલન્ટરી રિટાયરમેન્ટ હેઠળ, એક કર્મચારીની શેષ સેવાના દર વર્ષના બે મહિનાના વેતન બરાબર વેતન આપવામાં આવે છે. પરંતુ કમ્પલસરી રિટાયરમેન્ટમાં સમાન લાભ ઉપલબ્ધ નથી. મૌલિક નિયમો અને સીસીએસ(પેન્શન) નિયમ, ૧૯૭૨માં સમય પહેલાં રિટાયરમેન્ટ સંબંધિત નિયમો હેઠળ ઉપયુક્ત પ્રાધિકારીને નિયમ સીસીઓસ (પેન્શન) નિયમાવલી, ૧૯૭૨, જેવો મામલો હોય, કદાચ જનહિતમાં આવું કરવું આવશ્યક છે, તો સરકારી કર્મચારીને રિટાયર કરવાનો પૂરો અધિકાર છે.

# વડાપ્રધાનના આવે તેના એક કલાક પહેલાં જ ટ્રાફિક બંધ કરાતાં ભારે રોષ, હોર્ન વગાડી, ચીચીયારી પાડી વિરોધ કર્યો

વડોદરા,

વડાપ્રધાન સીધા હેલિકોપ્ટરથી મેદાનમાં આવનાર હોવા છતાં એક કલાક પહેલાં જ અનેક વિસ્તારોમાં ટ્રાફિક બંધ કરી દેવાતાં લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. વડાપ્રધાનની યોજાનારી જાહેરસભાનો સમય બપોરે ૪.૩૦ વાગે જાહેર કરવામાં આવ્યો હતો.પરંતુ તેઓ જતી વખતે નવલખી મેદાનથી બાય રોડ એરપોર્ટ જવાના હોવાથી પોલીસે ટ્રાફિક ડાયવર્ઝનનું જાહેરનામું બહાર પાડયું હતું. જો કે,મોદીજી હેલિકોપ્ટરથી સીધા મેદાનમાં આવ્યા હતા.પરંતુ તેઓ પરત ફરે તેના એક કલાક પહેલાં જ ફતેગંજ બ્રિજ તેમજ આસપાસના વિસ્તારો સહિતના સ્થળોએ ટ્રાફિક બંધ કરી દેવાયો હતો.જેને કારણે ચારે બાજુએ ચક્કાજામ થઈ ગયો હતો. એક તબક્કે ટ્રાફિકમાં અટવાઈ ગયેલા લોકોએ બૂમો પાડીને તેમજ હોર્ન વગાડીને રોષ વ્યક્ત કર્યો હતો.તેમણે વારંવાર ચીચીયારીઓ પણ પાડી હતી.આખરે લોકોનો રોષ ફાટે તેમ જણાતાં જોઈન્ટ પોલીસ કમિશનર મનોજ નિનામા દોડી આવ્યા હતા અને તેમણે થોડીવાર માટે ટ્રાફિક ચાલુ કરાવી મોદીજીની સભા પુરી થાય તે પહેલાં ફરી બંધ કરાવી સ્થિતિ સંભાળી હતી.

શહેરમાં ઠેરઠેર ટ્રાફિક જામ થતાં કેટલાક સ્થળોએ એમ્બ્યુલન્સો પણ અટવાઈ ગઈ હતી.તો કેટલાક સ્થળોએ વિદ્યાર્થીઓ પણ ફસાયા હતા.જેને કારણે વાહનચાલકોમાં આક્રોશની લાગણી વ્યકત થઈ હતી.ફતેગંજ વિસ્તારમાં પોણો થી એક કલાક સુધી ટ્રાફિકમાં ફસાયેલા લોકોએ વારંવાર ચીચીયારીઓ પાડી વિરોધ વ્યક્ત કર્યો હતો.એક તબક્કે બંદોબસ્ત જાળવતી પોલીસ સાથે પણ લોકોની ચકમક થઈ હતી. નવલખીથી પાંચેક કિમી દૂરના વિસ્તારોમાં પણ ટ્રાફિક જામ થવાના બનાવો બન્યા હતા.તો કેટલાક સ્થળોએ ટયુશન ક્લાસો તેમજ ખાનગી ઓફિસો પણ બંધ કરી દેવી પડી હતી.

## ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી ગેસ ચોરી કરવાનું કૌભાંડ, પોલીસે એક આરોપીની ધરપકડ કરી

અમદાવાદ,

જો તમારા ઘરે આવતા ગેસ સિલિન્ડરનું વજન કર્યા વિના તમે સિલિન્ડરની ડિલિવરી લો છો તો ચેતી જજો. કારણ કે અમદાવાદમાં ફરી એક વાર ગેસ સિલિન્ડરમાંથી ગેસ રિફીલિંગ ચોરીનું કૌભાંડ ઝડપાયું છે. અમદાવાદના જ એક વિસ્તારમાં એલપીજી ગેસ સિલિન્ડરનું કટીંગ મોટા પાયે ચાલતું હોવાની બાતમી આધારે એક આરોપીને પોલીસે ઝડપ્યા છે. ઝડપાયેલો આરોપી છેલ્લા કેટલાય સમયથી સિલિન્ડર રીફિલિંગ કરી જરૂરિયાતમંદોને ઉંચા ભાવે વેચતા હોવાનું પણ સામે આવ્યું છે. જોકે આખાય કૌભાંડમાં અન્ય કોણ કોણ સંડોવાયેલું છે? તે અંગે તપાસ કરવા પોલીસે આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી ગેસ કટિંગ કરીનેખાલી સિલિન્ડરમાં રિફીલીંગ કરી બારોબાર વેચી દેનાર એક યુવકની વાડજ પોલીસે ધરપકડ કરી છે. જુના વાડજ વિસ્તારમાં નરસિંહ ભાઈની ચાલી સામે ખુલ્લી જગ્યામાં ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી ગેસ ચોરીની બાતમી વાડજ પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે રેડ પાડતા એક ભરેલા સિલિન્ડરમાંથી ખાલી સિલિન્ડરમાં ગેસ રિફીલીંગ કરતો યુવક રંગેહાથ ઝડપાયો હતો. આરોપી પાસેથી અલગ અલગ ૧૧ ગેસના સિલિન્ડર કબ્જે કરવાના આવ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.80

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


ચૂંટણીની વાતો

## ગોધરા વિધાનસભા બેઠક ઉપર સત્તાની સમીકરણ

# મતદારો કયા મુદ્દાને ધ્યાનમાં રાખીને મતદાન કરે તે સમય નક્કી કરશે

ગોધરા,

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પૈકી ગોધરા વિધાનસભા બેઠકના મતદારોનો મિજાજ કેવા હશે તે જોવા જઈએ તો ગોધરા વિધાનસભા બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ, આપ પાર્ટી, એ.આઈ.એમ.આઈ.એમ.ના ઉમેદવાર મળી ૧૦ ઉમેદવારો ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે. ભાજપના ઉમેદવાર સી.કે.રાઉલજી જે ગોધરા બેઠક ઉપર થી ૨૦૦૭ થી ૨૦૧૭ સુધી ત્રણ ટર્મથી જીત મેળવી હતી અને કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ૨૦૧૭માં ભાજપના ધારાસભ્ય છે. તેમને ભાજપ દ્વારા ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસ પાર્ટીની વાત કરીએ તો કોંગ્રેસના ઉમેદવાર રશ્મિતાબેન દુષ્યંતસિંહ ચૌહાણ ઓબીસી મહિલા ચહેરો બનાવ્યો છે. રશ્મિતાબેનના પતિ દુષ્યંતસિંહ ૨૦૧૭માં શહેરા વિધાનસભા બેઠક ઉપર થી કોંગ્રેસના ઉમેદવાર રહ્યા હતા. ગોધરા વિધાનસભા બેઠક ઉપર લઘુમતિ મતદારો૨૦.૪૩ ટકા હોય ત્યારે લઘુમતિ વિસ્તાર માંથી એ.આઈ.એમ.આઈ.એમ. એ પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. જયારે અન્ય એ.આઈ.એમ.આઈ.એમ. માંથી પાલિકા સભ્ય બનેલ હનીફ કલંદરને ટીકીટ નહિ મળતા અપક્ષ ઉમેદવારી કરી છે. તેવા ઉમેદવારો લઘુમતિ મતમાં ગાબડું પાડી શકે છે. અપક્ષ ઉમેદવાર તરીકે મયુરકુમાર જશવંતલાલ પટેલ ઉર્ફે પિન્ટુભાઇ પણ મેદાનમાં ઉતર્યા છે.

ગોધરા વિધાનસભા બેઠક ઉપર મતદારો ઉપર નજર રાખીએ તો ૧,૩૨,૫૦૫ પુરૂષ મતદારો, ૧,૨૫,૫૨૦ સ્ત્રી મતદારો મળી કુલ ૨,૫૮,૦૨૫ મતદારો ઉમેદારોનું ભાવિ નકકી કરશે.

ગોધરા વિધાનસભા વિસ્તારના મતદારોના પ્રશ્નોમાં મુખ્ય ખેડુતોની સમસ્યા ગંભીર છે. સિંચાઈની વ્યવસ્થા ન હોવાથી માત્ર વરસાદી ખેતી ઉપર આધાર રાખવો પડે છે. નજીક થી નર્મદા મુખ્ય કેનાલ પસાર થતી હોવા છતાં સિંચાઈની સુવિધા માટે કોઈ નકકર પગલા ભરવામાં સરકારો નિષ્ફળ રહી છે. જે વિસ્તારમાં સિંચાઈ કેનાલો આવેલ છે. તે વિસ્તારોમાં સિંચાઈનું પાણી સમયસર ન મળતું હોવાની સમસ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં હાલ પણ પીવાના પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં વિજળીનો અભાવ, ગ્રામ્ય વિસ્તારોમાં રોડ અને કોઝ-વેના અભાવ જે હજી સુધી હલ થયો નથી. ગોધરા શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં રોડ રસ્તા, સાફ-સફાઈ સહિત પ્રાથમિક સુવિધાનો અભાવ અવારનવાર રજુઆતો છતાં યોગ્ય નિકાલ ન થતા લઘુમતિ મતદારોમાં રોષ છે. આગામી ૫ ડીસેમ્બરના રોજ મતદાન થનાર છે. ત્યારે હજી ગોધરા વિધાનસભા બેઠક ઉપર ચુંટણીનો માહોલ ઠંડો જોવા મળી રહ્યો છે. મતદારોમાં ઉત્સાહ જોવા મળતો નથી. ગોધરા બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારનું ભાવિ ઓબીસી અને લઘુમતિ મતદારોનો જોક જે તરફ હશે તે તરફ જાય તે હાલની સ્થિતી જોતા લાગી રહ્યું છે.

### ગોધરા વિધાનસભાના મતદારો

૧,૩૨,૫૦૫ - પુરૂષ મતદારો
૧,૨૫,૫૨૦ - સ્ત્રી મતદારો
કુલ મતદારો - ૨,૫૮,૦૨૫

### ગોધરા વિધાનસભા બેઠક ઉપર જાતીય સમીકરણ

ઓબીસી - ૧,૨૯,૭૪૫
એસ.ટી. - ૧૮,૮૫૩
પટેલ - ૧૨,૪૪૯
એસ.સી. - ૧૮,૦૭૯
બ્રાહ્મણ - ૯,૦૧૬
રાજપુત - ૭,૪૮૮
અન્ય જ્ઞાતિના - ૨૯,૨૧૦

## હાલોલ ભાજપના ૭ સક્રિય સભ્યોને પક્ષ વિરોધ પ્રવૃતિ કરતાં સસ્પેન્ડ કરાયા

હાલોલ,


હાલોલ વિધાનસભા ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના સક્રિય સભ્યો પક્ષ વિરોધી પ્રવૃતિ કરતાં હોય તેવા ૭ સભ્યો તાત્કાલીક અસરથી પંચમહાલ જીલ્લા ભાજપ પ્રમુખ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા. હાલોલ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ચુંટણી લડી રહ્યા છે. ત્યારે હાલોલ ભારતીય જનતા પાર્ટીના સક્રિય સભ્યો પક્ષ વિરોધી પ્રવૃતિ કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને લઈ હાલોલ ભાજપના સક્રિય સભ્યો એવા રામચંદ્ર રમણલાલ બારીયા, રતીલાલ રમણલાલ બારીયા, સુભાષભાઈ રમણલાલ પરમાર, ચિરાગભાઈ સુભાષભાઈ પરમાર, વિક્રમસિંહ લક્ષ્મણસિંહ પરમાર, એપીએમસી ઘોઘંબા ચેરમેન મહેન્દ્રસિંહ મોતીસિંહ પરમાર, ભગવતીબેન રામચંદ્ર બારીયાને ભાજપ માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

## હિંમતનગર બેઠકના અખીલ ભારત હિન્દુ મહાસભાના ઉમેદવારે ભાજપના સમર્થનમાં ફોર્મ પરત ખેંચ્યું

ગોધરા,

ગુજરાત રાજ્યની જેટલી પણ વિધાનસભા બેઠકો ઉપરથી અખીલ ભારત હિન્દુ મહાસભા પક્ષના ઉમેદવારો તરીકે ઉમેદવારી કરી હોય તેવા તમામ ઉમેદવારો ભાજપના સમર્થન કરવાની જાહેરાત સાથે હિંમતનગર બેઠકના ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું. ગુજરાત વિધાનસભા ચુંટણીમાં અખીલ ભારત હિન્દુ મહાસભા પક્ષના ઉમેદવાર તરીકે જે તે વિધાનસભા બેઠક ઉપર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા. તેવા તમામ ઉમેદવારોએ ભાજપ સમર્થન કરી હિંમતનગર વિધાનસભા બેઠક ઉપરથી અખીલ ભારત હિન્દુ મહાસભાના ઉમેદવારે ફોર્મ પરત ખેંચી ટેકો જાહેર કરવામાં આવ્યો. આ બાબતે અખીલ ભારત હિન્દુ મહાસભાના પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને પ્રભારી આશીષ પટેલો દ્વારા જાહેરાત કરાઈ.

## શહેરાના ખાંડીયા પાસે ટ્રકમાં લઈ જવાતો પંચરવ લાકડાનો જથ્થો ફોરેસ્ટ વિભાગે ઝડપ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના ખાંડીયા પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપરથી ફોરેસ્ટ વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલએ પંચરવ લાકડા ભરેલ લેલન ટ્રકને ઝડપી પાડી હતી. વન વિભાગ એ લાકડા અને વાહન મળીને અંદાજિત રૂપિયા ૫ લાખનો મુદામાલ જપ્ત કરીને વધુ તપાસ હાથધરી હતી.

શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર દિવસ અને રાત્રિ દરમિયાન લાકડા ભરેલ વાહનોની અવર-જવર વધી જતા ફોરેસ્ટ વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ તેમજ બીટગાર્ડ હિતેશ ગઢવી, જે.આર.નાયક, જરવરિયા બાલુભાઈ અને અરવિંદભાઈ સહિતનો સ્ટાફ પ્રેટોલિંગમાં હતા. ખાંડિયા ગામ પાસે પસાર થતા માર્ગ ઉપર થી પંચરવ લાકડા ભરેલ લેલન ટ્રક ગોધરા તરફ જઈ રહી હતી. તેને વન વિભાગના સ્ટાફ એ ઊભી રાખવા માટે હાથ કરતા ઊભી રાખી હતી. ટ્રકના ચાલક પાસે લાકડાની હેરા ફેરી કરવા માટેના જરૂરી કાગળો માંગતા યોગ્ય જવાબ નહીં મળતા લાકડા ભરેલ ટ્રકને ફોરેસ્ટ કચેરી ખાતે લાવીને તપાસ હાથ ધરી હતી. પંચરવ લાકડા અને ટ્રક મળી અંદાજીત ૫ લાખ થી વધુનો મુદામાલ જપ્ત કર્યો હતો.

ફોરેસ્ટ વિભાગ એ ટ્રકમાં રહેલ પંચરવ લાકડા ક્યાંથી ભરેલ હતા અને ક્યાં ખાલી કરવાના હતા. તે દીશામાં તપાસનો દોર શરૂ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ માર્ગ પર અને અણીયાદ તરફ અને હાઈવે માર્ગ ઉપર ટીંબા પાટીયા પાસે રાત્રિ દરમિયાન વધુ લાકડાની હેરા ફેરી થઈ રહી છે. વૃક્ષોનું બેરોકટોક નિકંદન થઈ રહયું છે. ત્યારે વન વિભાગ એક્શનમાં આવીને એક સપ્તાહમાં ત્રીજી બે નંબરી લાકડાની ગાડી પકડી પાડતા લાકડા ચોરોમાં છુપી રીતે ફફડાટ ફેલાયો છે. જોકે, શિયાળામાં પંચરવ લાકડાની માંગ વધુ હોવાથી વન વિભાગ પણ વૃક્ષોનું નિકંદન અટકે તે માટે વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પર્યાવરણ પ્રેમીઓની માંગ ઉઠી છે.


## કાલોલના અડાદરા ગામે શુકલા નદી માંથી રેતી ખનન રોકવા ગયેલ ખાણ-ખનિજ ટીમ ઉપર હુમલો કરી ગડદાપાટુનો મારમારતાં સાત ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના અડાદરા ગામે શુકલા નદીના પટથી થોડે દુર ગેરકાયદેસર રેતી ચોરી અટકાવવા માટે ખાણ-ખનિજ વિભાગના રેઈડ કરીને ત્રણ ટ્રેકટર રેતી ચોરી કરી લઈ જતાં ઝડપ્યા હતા. ત્યારે સાત ઈસમોએ ખાણ-ખનિજ વિભાગના સ્ટાફ ઉપર હુમલો કરી લાકડી અને છુટા હાથે મારામારી કરી ખિસ્સા માંથી રોકડ અને ઘડિયાળની લુંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના અડાદરા ગામે શુકલા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનનને રોકવા માટે ૨૨ નવેમ્બરના રોજ ખાણ-ખનિજ વિભાગના રોયલ્ટી અધિકારીએ ટીમ સાથે રેઈડ કરી હતી અને ૩ ટ્રેકટરોને ચોરીની રેતી ભરેલ ઝડપી પાડવામાં આવ્યા હતા. ત્યારે આરોપી ઈસમો ફારૂક અહેમદ કડવા ઉર્ફે કાલી, સાદીક અહેમદ કડવા, રીયાઝ અહેમદ કડવા, સાહેલ અહેમદ કડવા, હુસેન અહેમદ કડવા, સાદીક મોહમંદ અલીયા અશરફભાઈ (રહે. વેજલપુર) તેમ અમારા ટ્રેકટર કેમ રોકો છો. ત્યારે રોયલ્ટી ઈન્સ્પેકટર હિતેશભાઈ રામાણીએ ખાણ-ખનિજ વિભાગના અધિકારી તરીકે ઓળખ આપી હતી. ત્યારે આરોપી ઈસમો દ્વારા અચાનક હુમલો કરી ઝગડો તકરાર કરી સરકાર ફરજમાં રૂકાવટ કરી છુટા હાથ મારામારી કરી ગડદાપાટુનો મારમારી ખિસ્સા માંથી ૨,૦૦૦/-રૂપીયા રોકડા અને ઘડીયાળ લુંટી લઈ ગુન્હો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

## પંચમહાલ સહિત શહેરામાં ઠંડીના પ્રમાણ વધતા ગરમ કપડાંની ખરીદી કરતાં લોકો



શહેરા,

શહેરા સહીત સમગ્ર જિલ્લામાં ઠંડીનુ પ્રમાણ વધતા બજાર માં તેમજ હાઈવે માર્ગને અડીને આવેલા સ્ટોલમાં ગરમ વસ્ત્રો વેચાણ માટે આવી ગયા હતા. ધીમે ધીમે ઠંડી વધતા લોકો અવનવી ડિઝાઈન વાળા સ્વેટર, જાકીટ, મફલર સહિત ગરમ કપડાની ખરીદી કરતા જોવા મળ્યા હતા.

શહેરા સહીત સમગ્ર જિલ્લામાં રહેતા લોકોને ઠંડીનો અહેસાસ થઈ રહયો છે. હાઈવે માર્ગને અડીને તેમજ બજારોમાં લેડીઝ, જેન્ટસ અને નાના બાળકો માટે અવનવી ડિઝાઈન વાળા સ્વેટર, જાકીટ, મફલર સહિત ગરમ કપડાના વેચાણમાં તેજી જોવા મળી રહી છે. સવારે અને રાત્રે ઠંડી વધુ રહેતી હોવાથી લોકો ગરમ વસ્ત્રોની ખરીદી કરતા જોવા મળતા હોય છે. આ વખતે સ્વેટર, જાકીટના ભાવમાં દસ ટકા જેટલો વધારો થયો હોવા છંતા લોકો મોંઘવારીને બાજુમાં મૂકીને ગરમ વસ્ત્રોની ખરીદી કરતા નજરે પડી રહયા હતા. આવનાર દિવસોમાં ઠંડીનું પ્રમાણ પણ વધવાની શકયતા જોવા મળવા સાથે ઠંડી સામે રક્ષણ મેળવવા માટે લોકો તાપણાંનો સહરો લઈ રહયા છે.

## ગોધરા ખાતે ગાંધી સ્પેશ્યલ બહેરા મુંગા વિદ્યાલય ખાતે દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજયો




ગોધરા,

ગુજરાત વિધાન સભાની ચૂંટણીને અનુલક્ષી જિલ્લા ચૂંટણી અધિકારી/કલેક્ટર પંચમહાલના માર્ગદર્શન હેઠળ SWEEP એક્ટિવિટી અંતર્ગત 'દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ' અંતર્ગત પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલી ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરા ખાતે PWD મતદારોના નોડલ ઓફિસર અને PWD મતદારોના આસિસ્ટન્ટ નોડલ ઓફિસર સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પંચમહાલના સહયોગથી તારીખ ૨૪ નવેમ્બર ૨૦૨૨ ના રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના ૪૦ જેટલા મૂક બધિર દિવ્યાંગ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ તારીખ ૫ મી ડિસેમબરે વધુને વધુ પ્રમાણમા મતદાન કરવા માટે વિનંતી કરી. આ રંગોળી સ્પર્ધાની મુખ્ય થીમ 'દિવ્યાંગ મતદાર જાગૃતિ' હતી. PWD મતદારોના નોડલ ઓફિસર અને PWD મતદારોના આસિસ્ટન્ટ નોડલ ઓફિસર પંચમહાલે રૂબરૂ હાજર રહી દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા.

## શહેરા તાલુકાના જુના મહેલાણ ગામે આઠ ઈસમોએ એક વ્યકિતને મારમારતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના જુના મહેલાણ ગામે આરોપીઓએ સંપ ફરિયાદીને આપડો વિરોધી માણસ જવા દેવાનો નથી. તેમ કહીને બાઈક ઉપરથી પાડી દઈ મારમારતાં શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના જુના મહેલાણ ગામે આરોપીઓ વિનોદ પર્વતભાઈ માલીવાડ, ભારતભાઈ ભુરાભાઈ માલીવાડ, પર્વતભાઈ પગી, જયદિપભાઈ બામણીયા, સાલમભાઈ ડાભી, શનાભાઈ ડાભી, રણજીતભાઈ ડાભીએ ફરિયાદી પ્રભાતભાઈ નવાબારી બારીયા બાઈક લઈને પસાર થતા હોય ત્યારે આરોપીઓએ આપડો વિરોધી જાય છે. તેને જવા દેવાનો નથી તેમ કહી બાઈક ઉપર થી નીચે પાડી દઈને આરોપીઓએ ગડદાપાટુનો મારમારી ગુન્હો કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## રાહુલ ગાંધી ભારત તોડો યાત્રા માટે ક્વોલીફાઈડ : ભાજપ રાષ્ટ્રીય પ્રવક્તા

વડોદરા,

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. સંબિત પાત્રાએ આજે વડોદરા ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી કોંગ્રેસ પક્ષ ઉપર આંકરા પ્રહાર સાથે વિધાનસભા ચૂંટણીમાં વડોદરા શહેર જિલ્લાની તમામ ૧૦ બેઠક ઉપર પ્રચંડ જીતનો આસાવાદ વ્યક્ત કર્યો હતો. પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા આ વખતે નવા રેકોર્ડ સર્જી ફરી એક વખત ભાજપની સરકાર બનાવશે. નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી બનાવવામાં ગુજરાતની જનતાનો સિંહફાળો છે. લોકતંત્રમાં વિપક્ષ મજબૂત હોવો જરૂરી છે. પરંતુ કોંગ્રેસના સોનિયા પ્રિયંકા અને રાહુલ ગાંધીમાં ઉદાસીનતા નજરે ચડે છે. ખરેખર પીએમ એટલે પસીનો અને મહેનત છે. આ ઉપરાંત સર્જીકલ સ્ટ્રાઈક તથા પીઓકે નિવેદન મુદે સેના ઉપર સવાલ ઉઠાવનાર રાહુલ ગાંધી અને તેમના મિત્રો ભારત તોડો યાત્રામાં સામેલ થવા ક્વોલિફાઇડ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી કોઈ ટુરીઝમ નથી પરંતુ ગુજરાતની સત્ય ગાથા સાથે એકતાનું કેંન્દ્ર છે.

## પ્રથમ તબક્કાની વિધાનસભા બેઠકના ૭૮૮ ઉમેદવારોમાંથી ૧૬૭ ઉમેદવારો ૨૧ ટકા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ને લઈને એડીઆર અને ગુજરાત ચૂંટણી વોચ દ્વારા પ્રથમ તબક્કાના ઉમેદવારોનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં ચૂંટણીના પ્રથમ તબકકાના ઉમેદવારોના લેખા જોખા છે. એસોસિએશન ફોર ડેમોક્રેટીક રિફર્મ દ્વારા આ ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસનો રીપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.આ સાથે, ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત અને મિલકતનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

આ રિપોર્ટમાં પ્રથમ તબક્કાની ૮૯ વિધાનસભાના ૭૮૮ ઉમેદવારોના સોગંદનામાંનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કાની વિધાનસભા બેઠકના ૭૮૮ ઉમેદવારોમાંથી ૧૬૭ ઉમેદવારો (૨૧ ટકા) ગુનાઓ ધરાવે છે. જેમાં આ ૧૬૭ ઉમેદવારમાંથી ૧૦૦ (૧૩ ટકા) સામે ગંભીર ગુનાઓ દાખલ છે. જણાવી દઈએ કે, ૨૦૧૭માં પ્રથમ તબક્કામાં ઉભા રહેલા ૯૨૩ ઉમેદવારોમાંથી ૧૩૭ ઉમેદવાર (૧૫ ટકા) ગુનાહિત ઈતિહાસ ધરાવતા હતા, જ્યારે ૨૦૧૭માં ૭૮ ઉમેદવારો (૮ ટકા) ગંભીર ગુનાહિત ઈતિહાસ ધરાવતા હતા. આમ, ૨૦૧૭ કરતા ૨૦૨૨માં ગંભીર ગુનાઓના ઉમેદવાર વધુ જોવા મળી રહ્યા છે. જણાવી દઈએ કે, પ્રથમ તબક્કામાં ૭૧૯ પુરુષ સામે ૬૯ મહિલાઓ મેદાનમાં છે.

એસોસિએશન ફોર ડેમોક્રેટીક રિફર્મના આ રિપોર્ટમાં પ્રથમ તબક્કાની બેઠકના ૨૭ ટકા એટલે કે, ૨૧૧ ઉમેદવારો કરોડ પતિ હોવાનું સામે આવ્યું છે. જેમાં, ઉમેદવારોની ૨.૮૮ કરોડ સરેરાશ મિલકત ધરાવે છે. આમ આદમી પાર્ટીના કુલ ૮૮ ઉમેદવારોમાંથી ૨૬ (૩૦%), કોંગ્રેસના કુલ ૮૯ મેદવારો પૈકી ૧૮ (૨૦%), ભાજપના ૮૯માંથી ૧૧ (૧૨%) અને BTP ના ૧૪ ઉમેદવારો પૈકી ૧ (૭%) ઉમેદવારો ગંભીર ગુનાઓ ધરાવે છે.

પ્રથમ તબક્કાની ૮૯ બેઠક પર કુલ ૯ ઉમેદવારની સામે મહિલાઓ સામે અત્યાચારના ગુનાઓ દાખલ છે. આ ઉપરાંત, ૩ ઉમેદવારો સામે પીઆઈસી-૩૦૨ મુજબ ના ગુનાઓ દાખલ થયેલા છે, જ્યારે ૧૨ ઉમેદવારની સામે આઈપીસી ૩૦૭ મુજબના ગુનાઓ દાખલ થયેલા છે. ૨૫ વિધાનસભા મતક્ષેત્રોમાં ત્રણથી વધુ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, એટલે એમને રેડ એલર્ટ મતક્ષેત્રો કહેવામા આવ્યા છે. ૨૦૧૭માં રેડ અલર્ટ મતક્ષેત્રોની સંખ્યા ૨૧ (૨૪%) હતી.

આમ આદમી પાર્ટીના ૮૮ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારો (૩૬ ટકા) સામે ગુનાઓ દાખલ છે. જ્યારે, કોંગ્રેસના ૮૯ ઉમેદવારોમાંથી ૩૧ (૩૫ ટકા) સામે ગુનાઓ નોંધાયેલા છે. આ સાથે જ, ભાજપના ૮૯ ઉમેદવારોમાંથી ૧૪ ઉમેદવાર (૧૬ ટકા) સામે ગુનાઓ દાખલ છે. તેમજ BTPના ૧૪ ઉમેદવારોમાંથી ૪ ઉમેદવાર (૨૯ટકા) ઉમેદવાર સામે ગુનાઓ દાખલ છે.

મોટા ભાગના પક્ષો વધુ પૈસા ધરાવતા ઉમેદવારોને ટિકિટ આપે છે. મુખ્ય પક્ષોની વાત કરીએ તો, ભાજપના ૮૯ ઉમેદવારોમાંથી ૭૯ (૯૮ ટકા ) કરોડપત્તિ છે. જ્યારે કોંગ્રેસના ૮૯ ઉમેદવારોમાંથી ૬૫ (૭૩ ટકા ) કરોડપતિ છે. આ ઉપરાંત, AAPના ૮૮ ઉમેદવારોમાંથી ૩૩ (૩૮%) ઉમેદવાર કરોડ ઉપર સંપત્તિ ધરાવે છે.

પ્રથમ તબક્કામાં ચૂંટણી લડતા ઉમેદવારોની સરેરાશ મિલકત ૨.૮૮ કરોડ છે. ૨૦૧૭માં એ ૨.૧૬ કરોડ હતી. પક્ષ પ્રમાણે સરેરાશ મિલકત ભાજપના કુલ ૮૯ ઉમેદવારોની સરેરાશ મિલકત ૧૩.૪૦ કરોડ થાય છે, જ્યારે કોંગ્રેસના ૮૯ ઉમેદવારોની સરેરાશ મિલકત ૮.૩૮ કરોડ, તો AAPના ૮૮ ઉમેદવારોની સરેરાશ મિલકત ૧.૯૯ કરોડ છે. આ ઉપરાંત, ભારતીય ટ્રાયબલ પાર્ટીના ૧૪ ઉમેદવારોની સરેરાશ મિલકત ૨૩.૩૯ કરોડ નોંધાઈ છે.

બહુજન સમાજ પાર્ટીના તાપીના રાકેશ ગામીતની કુલ મિલકત ૧000 રૂપિયા છે. આ ઉપરાંત, ભાવનગરના અપક્ષ ઉમેદવાર જયા બોરીચા પાસે ૩000 રૂપિયા મિલકત દર્શાવી છે. પ્રથમ બેઠકમાં સૌથી વધારે દેવાદાર ઉમેદવારોમાં રાજકોટ પૂર્વના કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજયગુરુનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કચ્છના રાપરના કોંગ્રેસ ઉમેદવાર બચુ અરેઠીયા, ગીર સોમનાથના આમ આદમી પાર્ટીના ઉમેદવાર જગમલ વાળાનો સમાવેશ થાય છે.